Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂ. ૩-૪-૦

પુસ્તક ૬૭ મું } આસો { વીર સં. ૨૪૭૭
અંક ૧૨ મો. } { વિ. સં. ૨૦૦૭

## अनुक्रमणिका


१. આચાર્ય સ્તોત્ર ( ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા M.B.B.S. ) ૨૫૧
२. विश्ववंद्य महावीर ... ... ... ...( રાજમલ ભંડારી ) ૨૫૨
૩. વીર જન્મ વધામણી ... ( શ્રી બાલચંદ હીરાચંદ " સાહિત્યચંદ્ર " ) ૨૫૩
૪. વિચારકણિકા ... ... ... ( મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી ) ૨૫૪
૫. પર્યુષણના પ્રાણ ... ... ... ( પંડિતશ્રી સુખલાલજી ) ૨૫૬
૬. સનાતન દૃષ્ટિને ઢાંકતી ભૌતિક દૃષ્ટિ ( શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ ) ૨૫૯
૭. ધાર્મિક અને વ્યાવહારિક જ્ઞાન ... ... ... ... ... ૨૬૧
૮. દીપોત્સવી મહાપર્વ ( શ્રી મગનલાલ મોતીચંદ શાહ " સાહિત્યપ્રેમી " ) ૨૬૨
૯. ભગવાન મહાવીર ... ... ( લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી ) ૨૬૭
૦. સ્વીકાર અને સમાલોચના ... ... ... ... ... ૨૬૯
૧. વાર્ષિક અનુક્રમણિકા ... ... ... ... ... ... ૨૭૧



સ્વજનોના સ્મરણાર્થે

## જ્ઞાન–દાનનો અપૂર્વ લાભ.

### શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર પર્વ ૧–૨

( ભાષાંતર : : આવૃત્તિ છઠ્ઠી )

ઘણા વર્ષો પૂર્વે આ પુસ્તક અમારા તરફથી પ્રસિદ્ધ કરવામાં આવેલ. તેની નકલ મળતી ન હતી અને વારંવાર માગણી થતી હોવાથી, છાપકામ તથા કાગળની મોંઘવારી છતાં પણ અમોએ આ છઠ્ઠી આવૃત્તિ પ્રકાશિત કરી છે.

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજની આ અપૂર્વ કૃતિ માટે તો કહેવાનું જ શું હોય ? છઠ્ઠી આવૃત્તિ એ જ તેની ઉપયોગિતા અને લોકપ્રિયતાની નિશાની છે. આ પુસ્તકમાં આર્થિક સહાયની જરૂર છે, તો સખાવતી અને જ્ઞાનપ્રેમી ગૃહસ્થનું આ તરફ ધ્યાન ખેંચીએ છીએ. આર્થિક સહાય આપવા ઇચ્છનાર ગૃહસ્થે અમારા સાથે પત્રવ્યવહાર કરવો. આર્થિક સહાયકનો ફોટો તથા જીવનચરિત્ર આ પુસ્તકમાં પ્રગટ કરવામાં આવશે. ગ્રંથ ક્રાઉન આઠ પેજી મોટી સાઇઝના ૪૦૦ પૃષ્ઠ લગભગ થશે. લખો—

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





| | | |
|---|---|---|
| પુસ્તક ૬૭ મું.<br>અંક ૧૨ મો | : આસો : | વીર સં. ૨૪૭૭<br>વિ. સં. ૨૦૦૭ |


# આચાર્ય સ્તોત્ર*

ઉપજાતિ—

અર્હંતના હે ઉત્તરાધિકારી! સર્વજ્ઞસૂનુ! જિનપટ્ટધારી!
નીરાગિતામાં રમતા સદાય, પાળો પિતાનો જિન સંપ્રદાય. ૧
અર્હંતભાનુ જહિં અસ્ત પામ્યો, અંધારનો તો અધિકાર જામ્યો;
ત્યાં દીપ શું આપ પ્રકાશકારી, કલિ નિશા મોહ તિમિરહારી. ૨
ગુરુ ગણાઓ ગુણગૌરવે જ, આચાર્ય આત્માચરણે ચર્યે જ;
સૂરિ તમે સૂર્ય સમા પ્રભાવે, છો પૂજ્ય તો સ્વભાવ ભાવે. ૩
દુર્દાન્ત જે ઇંદ્રિય પંચ અશ્વ, ઉન્માર્ગમાં દોરી જ જાય વિશ્વ;
તેને મનોનિગ્રહની લગામે, બાંધી ચલાવ્યા સત માર્ગ ઠામે. ૪
બ્રહ્મ સ્વરૂપે સ્થિત બ્રહ્મચારી, બ્રહ્મવ્રતી હે! નવ વૃત્તિ ધારી;
બ્રહ્મ વ્રત ક્ષેત્ર કરી સુરક્ષ્ય, મથો તમે મન્મથ તે અલક્ષ્ય. ૫

**ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા.** એમ. બી. બી. એસ.

* આ મેં રચેલ અને વિવેચન કરેલ **પરમેષ્ઠિસ્તોત્ર** અંતર્ગત ત્રીજું સ્તોત્ર છે. **અરિહંતસ્તોત્ર** સવિવેચન પૂર્વે **જૈન ધર્મ પ્રકાશ**માં છપાઇ ગયેલ છે. **સિદ્ધસ્તોત્ર**નો (સવિવેચન) કેટલોક ભાગ શ્રી આત્માનંદ પ્રકાશમાં છપાઇ ગયેલ છે. આ ત્રીજું આચાર્યસ્તોત્ર **અત્ર મૂલમાત્ર** આપ્યું છે. વિવેચન કોઇ અન્ય પ્રસંગે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# विश्ववन्द्य महावीर।

हे विश्ववन्द्य तुम आओ, जीवन को सफल बनाओ! ॥ हे ॥
क्षत्रियकुल के मान-विवर्धन, आर्य जाति के गौरव-वर्धन।
रागद्वेष-छल-छद्म-विमर्दन, भ्रम का भूत भगाओ ॥ हे विश्व ॥ १ ॥

तीव्र तपों से तप्त जिनेश्वर, कलवरों से मुक्त विश्वेश्वर।
शोषित जनता के हृदयेश्वर, शोषण बन्द कराओ॥ हे विश्व ॥ २ ॥

ज्ञानमार्ग के योग्य निदर्शक, कर्म योग के पन्थ-प्रदर्शक।
भक्तिमती पद्धति-प्रदर्शक, जग को पन्थ दिखाओ॥ हे विश्व ॥ ३ ॥

बलिदानों की मूर्त्ति मनोहर, आदर्शों की एक धरोहर।
प्रेम हंस के मानसरोवर, प्रेमी विश्व बनाओ॥ हे विश्व ॥ ४ ॥

शीतलता के पूर्ण हिमाकर, तेजःपुञ्ज समान प्रभाकर।
सौम्यमूर्त्ति क्षमता-रत्नाकर, क्षमता-शक्ति जगाओ ॥ हे विश्व ॥ ५ ॥

निष्ठुरता के मद के नाशक, कटुता के काषाय-विनाशक।
कायरता के मर्म-विनाशक, वीर! भाव भर जाओ ॥ हे विश्व ॥ ६ ॥

साम्यवाद के प्रवर प्रवर्त्तक, जनता के अधिकार-समर्थक।
भूतदया-आकार-निदर्शक, सच्चा साम्य-जताओ ॥ हे विश्व ॥ ७ ॥

वसुन्धरा में सबसे उत्तम, भारत मा के लाल महत्तम।
महावीर! साधक-गणसत्तम, भारत भाग्य जगाओ ॥ हे विश्व ॥ ८ ॥

राजमल भण्डारी-आगर



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વીરજન્મ વધામણાં

( શ્રી બાલચંદ હીરાચંદ, સાહિત્યચંદ્ર )

( હરિગીત )

શુભ ચૈત્ર સુદિ તેરસ દિને જ્યાં વીર બાલક જનમિયો;
ત્રિશલા સતીની કુક્ષીમાં રવિ પ્રાચીમાં[1] જિમ ઊગિયો. ધ્રુ૦

સહુ તેજનો અંબાર મળીયો સૂતિકાગૃહમાં બને;
દાસી થઇ હર્ષિત વિલોકી વીર સુંદર બાળને. ૧

પુલકિત થઇ તસ રોમરાજી હર્ષઘેલી તે બને;
જે વિકલવસના[2] મુદિત વદના સ્ખલન પામે ક્ષણ ક્ષણે. ૨

દોડે તદા સિદ્ધાર્થ નૃપને આપવા સુવધામણાં;
ઉતાવળી થઇ મહેલમાં ગઇ સતત લેતી ભામણાં. ૩

અસ્થિર ગતિના પદરવે[3] ચમકયો તદા તે રાજવી;
શું કામ આવી ત્વરિત ગતિથી લાવતી સુંદર છવી ? ૪

છે હર્ષનો ઉત્કર્ષ મુખ પર શબ્દ ન સુઝે બોલવા;
આકાર હસ્તે દાખવે સુત જન્મ બોધ જ આપવા. ૫

જાણી ગયા નૃપ ચતુર ચિત્તે પુત્રજન્મ વધામણાં;
પૂછે તદા શું પુત્ર જન્મ્યો ? વદે 'હાં હાં' હર્ષમાં. ૬

રાજા થયો સુપ્રસન્ન નિસુણી પુત્રજન્મ તદા ભણે;
તે સાર્થ સૂચિત નામ ઉચરે વર્ધમાન કુમારને. ૭

દાસીપણાથી ઉદ્ધરે અર્પે ઘરેણાં તેહને;
મણિ હેમના બહુ રત્નના આપે સહર્ષે જેહને. ૮

આપ્યા દુશાલા રેશમી જરતારના બહુ મૂલ્યના;
લક્ષ્મી બની ઘડી એકમાં દાસી મટી ક્ષણવારમાં. ૯

આનંદ ઊર્મિ ક્ષણ ક્ષણે ઉછળે મનોહર મનસરે[4];
નહીં ઓળખે કોઇ પૂર્વપરિચિત દેખતા જે મન હરે. ૧૦

એવા પ્રભુ શ્રી વીર બાલક રિદ્ધિ વૃદ્ધિ કરો સદા;
બાલેંદુની એ પ્રાર્થના શ્રી વીરચરણે સર્વદા. ૧૧

---

૧ પૂર્વ દિશામાં. ૨ અવ્યવસ્થિત થયું છે વસ્ત્ર જેનું. ૩ પગના અવાજથી. ૪ મન-રૂપી સરોવરમાં.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિચાર કર્ણિકા

## વિરામ

ઓ મારા સ્વામિન્! હું તારી પાસે કાંઇ નથી માગતો, મારે કાંઇ નથી જોઇતું; તારા દરબારના દશ્યો જોયા પછી મને હવે કોઇ પણ વસ્તુ પ્રાપ્ત કરવાની ઇચ્છા પણ નથી!

તારી પાસે જે કાંઇ સર્વશ્રેષ્ઠ હોય તે તું જગતને વહેંચી આપ—અરે! મારા ભાગનું પણ જે કાંઇ હોય તે સૌને વહેંચી આપ, મારે કાંઇ નથી જોઇતું! હું તારી પાસે કાંઇ માંગું ના!

હું તો માત્ર આટલું જ કહેવા આવ્યો છું: મને તારા દરબારમાં મારું એક કાવ્ય લલકારવા દે!

એ કાવ્ય, હું સંગીતમાં ત્યારે જ ઉતારીશ, જ્યારે તારી પાસે, ગાઇને માંગનાર. કોઇ નહિ હોય. મારે તને કાવ્ય સંભળાવવું છે પણ સાટામાં તારી પાસેથી કાંઇ લેવું નથી.

ગાઇને માંગનારા ગયા પછી જ મારું કાવ્ય હું છેડીશ; ત્યાંસુધી મારે પ્રતીક્ષા કરવી પડશે, તો પણ કરીશ—પણ દેવ! આ કાવ્ય સંભળાવ્યા વિના તો નહિ જ જાઉં.

કારણ કે આ કાવ્ય મારી પાવન ભાવોર્મિઓથી સર્જાયેલું છે અને મારા હૈયાના પવિત્ર આંસુઓથી આલેખાયેલું છે. એટલે જ તો આ કાવ્ય સંભળાવવા માટે હું તારી પાછળ પાગલ થઇને ફરું છું!

કેમ ? નાથ! મારું આ કાવ્ય સાંભળીશને ?

—પણ દેવ! આ ભાવોન્માદથી વ્યક્ત થયેલી વાણીને યાચના ન કહીશ; કારણ કે યાચનાનું બીજું નામ મૃત્યુ છે!

* * *

## અમરતાનું ગાન

મિત્રો! મારે તમને એક વાત કહેવી છે.

હું જાઉં છું—મારા મિત્રોનું મને આમન્ત્રણ આવ્યું છે એટલે હું ઉતાવળથી જાઉં છું.

મારા જૂના સાથીઓનું જ્યોતિના સ્મિતમાં સંકેત કરતું નિમન્ત્રણ સાંભળ્યા પછી અહિં એક ક્ષણ પણ વિલંબ કરવા મારું ઉત્સુક હૈયું, ના પાડે છે—તો મારે ગયા વિના છૂટકો નથી—હૃદયને મૂકીને હું અહિં કેમ રહી શકું ?

—તો મારા મિત્રો! મારા ગમન—કાળે મંજુલ ગીત—ધ્વનિ કરજો, હર્ષથી નાચજો, પ્રેમનું જળ સિંચજો, મધુર—કંઠે અમરતાનું ગાન લલકારજો, અને સર્વત્ર આનન્દના વાજાં વગડાવજો.

મધુર રજનીમાં કોઇ સોહામણી પળે કોઇ નવોઢા પોતાના નાવલિયાને આલિંગવા જાય તેમ હું પણ મારા પ્રિયતમ સાથીઓને મળવા સંચરું છું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારું ગમન ઉત્સુકતાભર્યું છે. મારો આત્મા પુણ્યકાર્યોથી પૂત થયેલો છે. મારો માર્ગ મંગળમય છે. લોકોએ પોતાની અજ્ઞાનતાથી એ માર્ગને ભલે અમંગળ કલ્પ્યો હોય પણ વાસ્તવિક રીતે એ અમંગળ નથી. એ તો છે પૂર્ણ મંગળમય!

આ માર્ગે, આગમના ભોમિયા સાથે, અલ્પ પ્રવાસ તો મેં ખેડયો છે. અને બાકી રહેલો પ્રવાસ આ છેલ્લીવાર ખેડી રહ્યો છું એટલે જ હું તમને પૂર્ણ શ્રદ્ધાપૂર્વક કહું છું કે મારા ગમન કાળે, મંગળ સ્વરે મંજુલ-ગીત ગાજો; કારણ કે એ મંગળમય છે ને મંગળમય પુરુષોએ આ માર્ગે પ્રયાણ કર્યું છે.

ઓ મારા અનન્તના પ્રવાસી મિત્રો! એવું અમરતાનું ભવ્ય ગીત ગાજો કે દુનિયા એ ભવ્ય-અતિભવ્ય-ગીતને સાંભળી, મરણના ભયને સાવ ભૂલી જાય અને મરણના વાઘામાં છુપાઇને બેઠેલ અમરતાના મહોત્સવને કોઇ અનેરા ઉત્સાહથી ઉજવે!

* * *

## અર્પણ

દેવ! હું નિર્ધન છું. વિશ્વના માનવો માટે મન્દિર બન્ધાવી શકું એવી મારી શક્તિ નથી, એટલું દ્રવ્ય મારી પાસે નથી, તો મારા અકિંચનના હૈયાને જ મન્દિરમાં ફેરવી નાંખું, તો આપ એમાં નહિ પધારો?

કરુણાસાગર! આ પ્રદેશમાં પવિત્ર જળ તો કયાંય છે નહિ, અને જે છે તે તો લોકપ્રવાહથી ડોળું થઇ ગયું છે, તો ધ્યાનના સરોવરમાં સ્નાન કરીને આપના નિકટમાં આવું તો હું નિર્મળ નહિ ગણાઉં?

આનન્દસાગર! કુસુમ તો ઉપવનમાં મળે, હું તો આજે રણમાં વસું છું. કુસુમ-વિહોણા આ પ્રદેશમાં હું ખાલી હાથે ભાવનાનું અદૃશ્ય કુસુમ લઇને આવું તો મારી પુષ્પપૂજાને આપ માન્ય નહિ કરો?

અશરણના શરણ! નૈવેદ્ય, અકિંચન પાસે કયાંથી હોય?-તો મારા તુચ્છ જીવનના અર્ધ્યને આપના પુનિત ચરણકમલોમાં ધરું તો દયાર્દ્રદૃષ્ટિથી એને નહિ નિહાળો?

દયાસિન્ધો! મણકા જ નથી ત્યાં માળા કેમ સંભવે? હા! આજ તો મનની જ માળા બનાવી આપના પવિત્ર જાપ કરી લઉં છું. આપ એ માળાવિહોણા જાપનું મધુર સ્મિતથી સ્વાગત નહિ કરો?

નાથ! માનવજીવનની દર્દકથાએ મારા ગીતને વિષાદગીત બનાવી મૂકયું છે, તો આંસુથી ધોવાયેલા એ વિષાદગીતને આપ મંગળ-ગીત તરીકે નહિ સ્વીકારો?

—બોલો, મારા નાથ! બોલો. આપ તો કૃપાળુ કહેવાઓ છો, અનાથોના નાથ કહેવાઓ છો-તો આ અનાથના નાથ નહિ બનો?

**મુનિરાજશ્રી ચન્દ્રપ્રભસાગરજી ( ચિત્રભાનુ )**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પર્યુષણના પ્રાણ

—પંડિત સુખલાલજી.

ધર્મ બે પ્રકારનો છે. પહેલો સામાજિક અને બીજો વ્યક્તિગત. સામાજિક ધર્મનાં મૂળ અને તેનું મુખ બહાર તરફ હોય છે, જ્યારે વ્યક્તિગત ધર્મનાં મૂળ અને તેનું મુખ અંદરની બાજુએ હોય છે. સામાજિક ધર્મ બહિર્મૂળ અને બહિર્મુખ એટલા માટે છે કે તે ધર્મ મોટે ભાગે જન્મ સાથે જ પ્રાપ્ત થયેલો અને છેક બાળપણથી જ આચરાતો આવે છે. વળી એ ધર્મ સમાજમાં એકબીજાની દેખાદેખીથી પોષાય છે, ભય, લાલચ તેમજ નવી સૂઝનો અભાવ અને કેટલીકવાર નવી સૂઝ હોય છતાં પણ તે પ્રમાણે પગલું ભરવા જેટલી હિંમતનો અભાવ વગેરે કારણો સામાજિક ધર્મના પોષક બને છે. તે તે સમાજમાં પ્રચલિત એવાં ક્રિયાકાંડો, વ્રતનિયમો, તપ અનુષ્ઠાનો અને બીજી ધર્મપ્રથાઓને અનુસરી સામાજિક વ્યક્તિ મોટે ભાગે સંતોષ અનુભવે છે. તેને એ પ્રમાણે ન વર્તવામાં સામાજિક ટીકાનો અને મોભામાં ઊણપ આવવાનો પણ ઊંડો ઊંડો ભય હોય છે, મોટે ભાગે સામાજિક ધર્મની વ્યાપ્તિ આંખ, કાન અને જીભ સુધી રહે છે, કેમકે સામાજિક ધર્મમાં ઉત્સવનું પ્રાધાન્ય હોય છે અને ઉત્સવો તો ધર્મ્ય ગણાતી એવી બધી જ ઇન્દ્રિય-તર્પક કે મનોરંજક પ્રથાઓ વિના નથી પોષાતા કે નથી આકર્ષક બનતા.

વ્યક્તિગત ધર્મનું સ્વરૂપ સાવ જુદું છે. તેનો ઊગમ જીવન વિશેના વિચારમાં રહેલો છે. આવો વિચાર ઉમરનો અમુક પરિપાક માગી જ લે છે. માત્ર શ્વાસોશ્વાસ લેવા અને શરીર નભાવવું એ જ જીવન છે કે ખરું જીવન તેથી પર છે? વળી વૈયક્તિક ભિન્ન દેખાતાં જીવનનો બીજાં જીવનો સાથે તાત્ત્વિક અને નૈતિક શો સંબંધ છે? એવા સંબંધોને વિકસાવવા અને નિર્મળ કરવાના ઉપાયો છે કે નહીં? અને હોય તો તે કયા? આવા અનેક પ્રશ્નો જ્યારે એક અથવા બીજી રીતે અંતરમાં ઉદ્ભવે છે અને તેનો સંતોષકારક ખુલાસો મેળવ્યા વિના તેમજ તે ખુલાસા પ્રમાણે વર્ત્યા વિના અંદરથી અજંપો અકળાવે છે ત્યારે જ તે વ્યક્તિની ચેતનાના આકાશમાં ધર્મનું પ્રભાત ફૂટે છે. આવું પ્રભાત હંમેશા સામાજિક ધર્મ્ય પ્રથાઓનું હ્રાસ કે અનુગામી જ હોય એમ નથી બનતું, કારણ કે તેમાં નવી સૂઝ સાથે તે પ્રમાણે વર્તવાની અને તેમ કરવા જતાં ઇતરજનોની પ્રશંસા કે નિંદાથી તટસ્થ રહેવાની સ્વતઃ સિદ્ધ હિંમત પણ પ્રગટે છે. આચાર્ય હરિભદ્ર-સૂરિજીએ આ જ અંતરમૂળ અને અંતર્મુખ ધર્મને પ્રતિસ્રોતગામી એટલે કે સામાન્ય લોક-પ્રવાહની સામે જતો–સામે પૂરે ચાલતો–ધર્મ કહેલ છે. તેમણે જે ધર્મને અનુસ્રોતગામી કહેલ છે તે જ સામાજિક ધર્મ છે. વિશેષ પ્રચલિત જૈન પરિભાષામાં કહેવું હોય તો એકને 'દ્રવ્યધર્મ' અને બીજાને 'ભાવધર્મ' કહી શકાય.

દ્રવ્ય અને ભાવ એ બે વચ્ચે હંમેશા વિરોધ જ હોવો જોઇએ એમ સમજવાનું નથી. વૃક્ષના બે ભાગ છેઃ એક જમીનની અંદર અને બીજો જમીન બહાર. બહારનો ભાગ હોય છે તેવડો મોટો અંદરનો ભાગ નથી હોતો. વળી વડ જેવા વૃક્ષનો બહારનો વિસ્તાર જેટલો આકર્ષક તેમજ આશ્રયપ્રદ હોય છે તેવો અને તેટલો આકર્ષક કે આશ્રયપ્રદ અંદર-નો ભાગ નથી હોતો એ ખરું, પણ આપણે જાણીએ છીએ કે અંદરનાં મૂળ જીવતાં હોય અને પાર્થિવ રસ [illegible]ી ઉપરના ભાગને પોષતાં હોય ત્યાં લગી જ એ વૃક્ષની સર્વ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શોભા અને જીવનશક્તિ રહે છે. ઉપરનો ભાગ ગમે તેટલા પાણીથી સિંચાય કે ગમે તેટલા હવા પ્રકાશ આદિ તત્ત્વો તેને લાધતા રહે, છતાં જો અંદરના મૂળિયાં કોહાયાં કે એની રસ શોષવાની અને ઉપરનાં ભાગ સુધી રસ પહોંચાડવાની શક્તિ ન રહી તો ખાતરીથી એ ઉપરનો ભાગ પણ વૃક્ષ મટી જઈ માત્ર ઠૂંઠો બનવાનો. દ્રવ્ય અને ભાવ એ ધર્મો વચ્ચે પણ કાંઇક આવો જ સંબંધ છે. જે દ્રવ્યધર્મ ભાવધર્મમાંથી બળ મેળવે કે પોષાય તેનો ભાવધર્મ સાથે વિરોધ છે જ નહીં, પણ જે દ્રવ્યધર્મ ભાવધર્મના મૂળ વિનાનો હોય છે તેનો વિરોધ અવશ્યભાવી છે. જીવનમાં અનેક ક્ષણો એવી આવે છે કે જ્યારે આત્મગત અને સામાજિક ધર્મો વચ્ચે એકની પસંદગીનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. આ વખતે નબળો માણસ સામાજિક ધર્મ પ્રથાને અનુસરતો રહેશે અને એ જ માર્ગે જવાનું પસંદ કરશે. તેમ કરવા જતાં તે નીતિ, પ્રમાણિકતા, સત્ય અને સરળતાના પાયા ઉપર ઊભેલા ભાવધર્મને જતો પણ કરશે; જ્યારે વિરલ એવો કોઇક જ સબળો માણસ ભાવધર્મને જતો કરવાનું જોખમ કદી પણ નહી ખેડે–ભલે એમ કરવા જતાં તેને ગમે તેટલું સહવું પડે.

પજુસણનું કલેવર સામાજિક ધર્મથી અર્થાત્ દ્રવ્ય ધર્મથી ઘડાયેલું હોય છે, પણ તેનો પ્રાણ અગર તેનું જીવાનુભૂત આત્મતત્ત્વ એ તો ભાવધર્મ જ છે. હવે જોવાનું એ રહે છે કે–ત્યારે એ પજુસણનો પ્રાણ એટલે શું? એનો ખરો અર્થ આધ્યાત્મિક જાગૃતિ થાય છે. આધ્યાત્મિક જાગૃતિ પ્રગટે ત્યારે તેને પરિણામે નીચેનાં લક્ષણો અવશ્ય ઉદ્ભવવાના જ: (૧) માત્ર વર્તમાન ઐહિક અદ્યતન જીવનમાં જ દૃષ્ટિમર્યાદાબદ્ધ ન રહેતા જીવનદૃષ્ટિ પોતાના ભૂત અને ભાવી ભણી લંબાય છે. એટલે જીવનદૃષ્ટિ કાળભેદે ખંડિત ન થતાં ત્રણેય કાળમાં એકતા અનુભવે છે. (૨) એવી જ રીતે પોતાના ચૈતન્યોનો બીજાં ચૈતન્યોથી ભેદ હોવાં છતાં બધામાં કોઇ એકતાની ગૂઢ કડી હોવાનું ભાન પ્રગટે છે.

ભૂતકાળ ગયો તે તો ગયો જ, પણ તેમાંથી પસાર થઇ ચાલ્યા આવતા પોતાના ચૈતન્યનાં ભાન કે શ્રદ્ધાને પરિણામે સૌથી પહેલાં આધ્યાત્મિક જાગૃતિ વખતે પોતામાં રહેલા વિકારો કે દોષોનાં બીજો શોધવાની પ્રેરણા જાગે છે. આવી અન્તઃપ્રેરણા જ વાસનાઓને વેગ પકડતાં રોકે છે. આનું જ નામ ઉપશમ. જ્યાં એક વાર વિકારોનું બળ શમ્યું ત્યાં સારાસારનો વિવેક કરવાની કળા પણ પ્રગટવાની. ભવિષ્યમાં પણ મારું અસ્તિત્વ છે જ એવી ચોક્કસ માન્યતા બંધાતાં કે તેવું ભાન પ્રગટતાં જ હવે પછીના જીવનમાં અશુદ્ધિ ન આવે તે માટેનો ચોકિયાત પ્રયત્ન પણ શરૂ થવાનો, જે સંવર કહેવાય છે. ઉપશમ, વિવેક અને સંવરની ત્રિપુટી એ પજુસણનાં આત્માનો એક ભાગ થયો. એનો બીજો ભાગ ઇતર જીવો સાથેની પોતાની ગૂઢ તાદાત્મ્યની કડીના ભાનમાં સમાય છે. મારા પોતાના અને બીજાના ચૈતન્ય વચ્ચે દેખાય છે અગર મનાય છે તેવો ભેદ કે જુદાઇ નથી જ–એવું ભાન ન થાય ત્યાં લગી ઇતર જીવોના દુઃખમાં ભાગીદાર થવાની અને પોતાના સુખમાં બીજાને ભાગીદાર બનાવવાની ધગશ જાગી જ ન શકે. ઇતર સાથે પોતાના ઐક્યનું અનુસંધાન એ જ એક એવું આધ્યાત્મિક બળ છે કે જેને લીધે માણસ અનેક બાબતોમાં બીજા સાથેના કરાતા ચોકાભેદ ભૂંસી સમાનતાના અનુભવનો આનંદ માણે છે. મૈત્રી અને કરુણા એ એવી સમાનતાનાં પાસાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પજ્જુસણુ એ પ્રાકૃત શબ્દ છે. તેનો અર્થ છે પરિ અર્થાત્ આંતરિક ઉપશમ. આવા ઉપશમના પાયા ઉપર જ પજ્જુસણ જેવા ધર્મપર્વનું મંડાણ છે. કોઇ આધ્યાત્મિક જાગૃતિવાળા મહાપુરુષે જ્યારે ઉપશમ વગેરે ઉપર વર્ણવેલાં લક્ષણો પોતામાં અનુભવ્યાં ત્યારે બીજા અધિકારીએ પણ એ દિશામાં પ્રગતિ કરે એવા ઉદાત્ત હેતુથી પજ્જુસણ પર્વની યોજના કરી. એ યોજના મુખ્યપણે તો વ્રત નિયમો, તપ અનુષ્ઠાનો, આત્મભાનમાં મદદ કરે એવાં શાસ્ત્રોનું શ્રવણ-મનન, સત્-સમાગમ વગેરે ઉચ્ચલક્ષી કાર્યક્રમથી ઘડાએલી છે. પણ આપણે બધા જાણીએ છીએ કે એવો કાર્યક્રમ ઘણીવાર તેમજ મોટે ભાગે માત્ર ચીલારૂપ બની જાય છે અને તેનો મૂળ હેતુ સચવાતો નથી. વળી આપણે ઘણીવાર એમ પણ માની લઇએ છીએ કે આપણી પરંપરામાં ચાલ્યો આવતો પજ્જુસણનો કાર્યક્રમ એ એક જ આધ્યાત્મિક ધર્મનો કાર્યક્રમ છે. પણ આવી દૃષ્ટિ તે એકાંગી છે.

આધ્યાત્મિક જાગૃતિ એ કાંઇ કોઇ એક દેશ, એક જાતિ કે એક સમાજની મૂડી નથી. એ તો ગમે તે દેશ, ગમે તે જાતિ અને ગમે તે સમાજમાં સંભવે છે. ઇતિહાસ પણ એમ કહે છે. ભાષાની, બાહ્ય આચારની કે તેવી સ્થૂળ જુદાઇથી આધ્યાત્મિક જાગૃતિના સ્વરૂપમાં અંતર પડતું નથી. આ જ વસ્તુ ધ્યાનમાં રાખી આચાર્ય હરિભદ્રસૂરિજીએ જૈન, બૌદ્ધ, શૈવ આદિ પરસ્પર વિરોધી ગણાતા સંપ્રદાયોમાં પણ ભાવધર્મનું ઐક્ય હોવાનું સ્પષ્ટ સૂચન કરેલ છે. પજુસણનો સામાજિક કાર્યક્રમ સગવડ અને રુચિ પ્રમાણે ગમે તે હોય છતાં એ કાર્યક્રમનો આધાર ઉપશમ, વિવેક અને સંવર તેમજ મૈત્રી અને કરુણાવૃત્તિ પોષવાનો હોય તો માનવું કે આપણે પજુસણના પ્રાણને ઓળખ્યો છે.

પજુસણનો કાર્યક્રમ તો અમુક દિવસો પૂરતો હોય છે, પણ તેના પ્રાણનું એમ નથી. પ્રાણ એ તો જમીનમાંથી ફૂટતાં અખૂટ ઝરણાની પેઠે જીવનને પ્રતિક્ષણ વ્યાપે છે. જેનું બાહ્ય અને આંતરજીવન પરસ્પર વિસંવાદી હોય તેમાં પજ્જુસણનો આત્મા નથી જ.

પજ્જુસણ સંબંધે કાંઇક લખતાં ઉપર જે ઇતર ધર્મોના પર્વોની તુલના કરવામાં આવી છે તેનો હેતુ એ છે કે માણસ માત્રને જેમ ઉત્સવ પ્રિય છે એમ તેને વહેલી મોડી ઓછીવત્તી આધ્યાત્મિક શુદ્ધિની ભૂખ પણ લાગે છે, તેથી જ દરેક દેશના દરેક પંથમાં તેના અનુયાયીઓનાં બૌદ્ધિક અને નૈતિક વિકાસક્રમ પ્રમાણે સામાજિક અને આધ્યાત્મિક પર્વો યોજાય છે. કેટલીકવાર સામાજિક તથા ધાર્મિક પર્વોનો આકાર એકબીજાથી ઘણો જુદો દેખાય છે, પણ તેમાં જે આધ્યાત્મિકતાનું વલણ હોય છે તે જુદું નથી હોતું, કારણ કે દરેક પંથનો અધિકારી જ્યારે આધ્યાત્મિક જાગૃતિમાં હોય ત્યારે તેનો આત્મા એવો ઊર્ધ્વગામી બને છે કે તેનાથી મેલી વાસનાઓ અને સંકીર્ણતાઓ સહાતી જ નથી. આને કારણે બધા દેશ અને બધા જ કાળના સંતો માત્ર એક ધર્મકુટુંબ બની રહે છે. પજ્જુસણના દિવસોમાં આપણે આ સમજણનો વિકાસ કરીએ તો બીજા પંથો પ્રત્યેની આપણી મૈત્રી-પૂર્ણ વિવેક-વૃત્તિ વિકસ્યા વિના ન જ રહે. અને 'મીત્તિ મે સવ્વભૂએસુ, વેરં મજ્ઝં ન કેણઇ' એ પજ્જુસણને આત્મા આપણામાં આવિર્ભાવ પામે.

[ "પ્રબુદ્ધ જૈન" તા. ૧-૯-૫૧ પરથી ઉધ્ધૃત ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સનાતન દષ્ટિને ઢાંકતી ભૌતિક દષ્ટિ

લેખક—શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ

[ સનાતન જૈન તત્ત્વોના ઉપદેષ્ટા ભગવંત શ્રી મહાવીરસ્વામીનો ઉપદેશ સમય તેમજ ક્ષેત્રને બાધિત નહોતો. પરમાત્માના ધર્મોપદેશનો સંકુચિત અર્થ કરી અમુક દેશકાળના કોયડાનો ઉકેલ કરવા યત્ન કરવો તે વ્યાજબી નથી. —જી. એ. ]

**ભૌતિક જગત આવી ભૌતિક ઇતિહાસની દૃષ્ટિથી મહાપુરુષોના જીવનને તથા ઉપદેશોને પણ જુએ છે અને માને છે કે તેમનો અવતાર પોતાના યુગના ભૌતિક કોયડાઓના ઉકેલ માટે જ જાણે થયો હોય.**

આ ભૌતિક ગજથી મહાવીરના જીવન તથા ઉપદેશને પણ ઘણીવાર માપવામાં આવતો હોય એવું આપણે જોઇએ છીએ. બ્રાહ્મણોના હિંસક યજ્ઞો બહુ વધી ગયા હતા, સમાજના ઇતર વર્ગો ઉપરનો તેમનો અત્યાચાર પણ વધી ગયો હતો, બ્રાહ્મણો ઉચ્ચતમ આસને બેસી ઇતર વર્ગોનું દમન તથા શોષણ કરતા હતા, ઇત્યાદિ વૈદિકોનાં હિંસા તથા અનર્થોનું નિવારણ કરવાને મહાવીરે અહિંસા ધર્મનો પ્રચાર કર્યો હતો અને વૈદિકોની વર્ણવ્યવસ્થા તોડી નાંખનારો સંઘ સ્થાપ્યો હતો, એમ સાધારણ રીતે માનવા-મનાવવામાં આવે છે અર્થાત્ મહાવીરનું જીવન અને ઉપદેશો ભારતના ધર્મના ઇતિહાસમાંનું એક મહત્ત્વનું ક્રાન્તિકારક પ્રકરણ હોય એવી રીતે તેની સ્વાભાવિક રજૂઆત થાય છે.

જો આપણે આમ ભૌતિક ઇતિહાસની દૃષ્ટિએ જ એ તીર્થંકર અને તેમના ઉપદેશોને જોઇએ તો એમને અને આપણી જાતને અન્યાય કરનારા જ બનીએ. મહાવીરનું જીવન જ્યારે આપણે ઊંડી દૃષ્ટિથી જોઇએ છીએ ત્યારે જણાય છે કે વૈદિકોએ પ્રચારેલી હિંસા અને તેમની દ્વારા થતું સમાજશોષણ એ નિવારવાનો જ ઉદ્દેશ એ મહાન્ જીવનનો નહોતો. મહાવીરે ૩૦ વર્ષ તો પોતાના કુટુંબની વચ્ચે ગાળ્યાં હતાં. દુનિયાના બધા ભૌતિક દુઃખો તેમણે નજરે જોયાં હતાં અને ભૌતિક સુખો ભોગવ્યા હતા. વૈદિકો તરફનાં હિંસા કે શોષણનો કોઇ કડુ અનુભવ તેમને અંગત રીતે થવા પામ્યો ન હતો. તેમને તો ભૌતિક સુખો પ્રત્યે જ અભાવ ઊપજ્યો હતો; તેથી જગતના દુઃખનું મૂળ કારણ શોધી તેના નિવારણ માટેનું ચિંતન તેમનો મુખ્ય મનોવ્યાપાર બન્યો હતો. ૩૦ વર્ષની વયે તેમણે ભૌતિક સુખો છોડી ગૃહત્યાગ કર્યો. પછી વસ્ત્રોનો મહાપરિગ્રહ છોડી દીધો અને ચિત્તશુદ્ધિ માટે તપસ્વી જીવન શરુ કર્યું. તેર વર્ષ સુધી કઠોર તપસ્યાને અંતે તેમને સત્ય લાધ્યું-કેવળજ્ઞાન થયું. ત્યાર પછી તેમણે દાર્શનિક તથા નૈતિક ઉપદેશ આપવાનું શરુ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્યું, ખૂબ પરિભ્રમણ કર્યું અને તે દરમ્યાન બૌદ્ધ, ચાર્વાક, વૈદિક, સાંખ્ય, આજીવક, શૈવ આદિ મતોના પ્રચારકો તથા અનુયાયીઓ સાથે વિવાદ તથા વિચાર-વિનિમય કર્યો. એ બધા વ્યાપારમાં પોતે એક જુદો સંપ્રદાય સ્થાપે છે એવો કોઈ ભાવ તેમણે દર્શાવ્યો નહોતો. હિંસા અને શોષણ વધ્યાં હતા, પણ એ વસ્તુઓને જ દૃષ્ટિ સમીપે રાખીને કોઈ વિશિષ્ટ પ્રવૃત્તિ તેમણે આદરી હોય એવું જણાતું નથી. ભૌતિક દૃષ્ટિના ઇતિહાસકારો મહાવીરને જેવી ક્રાન્તિના સર્જક માને છે તેવી ક્રાન્તિ નિષ્પન્ન કરવાનો તેમનો આશય નહોતો.

મહાવીરની મૂળ દૃષ્ટિ તો એ હતી કે-સંસારના ભોગો દુઃખના મૂળરૂપ છે તેથી એનો પરિત્યાગ કરીને જ વાસ્તવિક શાન્તિની પ્રાપ્તિ કરવી જોઇએ. તેમના ઉપદેશમાં પરિગ્રહમર્યાદાનું અને દાનધર્મનું પ્રતિપાદન હતું, પરન્તુ તે સમાન અર્થવ્યવસ્થા સ્થાપવાની આધુનિક દૃષ્ટિથી કરવામાં આવતું નહિ. તેમણે સર્વ વર્ણોનો સમાનાધિકારવાળો સંઘ સ્થાપ્યો હતો પરન્તુ તે વર્ગવિહીન સમાજ રચવાના હેતુથી નહિ. જો તેવો ભૌતિક આશય તેમનો હોત તો તે સંસારનો ત્યાગ ન કરતાં સંસારમાં રહીને જ આજના પ્રચારકોની પેઠે આંદોલન ચલાવવા અને જુદા જુદા વર્ગો વચ્ચે સંઘર્ષ નીપજાવત. વસ્તુતઃ મહાવીરની સામેનો પ્રશ્ન તો વિશ્વના સકળના આધ્યાત્મિક સુખ અને મુક્તિનો હતો. એ જ સનાતન દૃષ્ટિ તેમના ઉપદેશ પાછળ હતી. પ્રાસંગિક પ્રશ્નો સ્થળકાળની મર્યાદાથી બદ્ધ હોય, જ્યારે પ્રશ્ન તો સનાતન અને દેશકાળથી અબાધિત છે. તેથી મહાવીરના ઉપદેશનું મૂલ્ય પણ દેશકાર્યથી પરિબદ્ધ નહિ પણ સનાતન છે. સાર્વત્રિક અને સર્વકાલીન છે. જરા ઊંડી દૃષ્ટિથી જોઇએ તો મહાવીરસ્વામી કાંઇ આ વ્યાપક દૃષ્ટિના પહેલા પ્રણેતા નહોતા. તેમની પૂર્વે પાર્શ્વનાથ, તેમની પૂર્વે નેમનાથ અને તેમની પૂર્વે બીજા અનેક તીર્થંકરો થઇ ગયા તે બધાના ઉપદેશોમાં એ જ સનાતન તત્ત્વ હતું. મહાવીરના કાળમાં પાર્શ્વનાથના અનુયાયી ઉપદેશકો તો વિદ્યમાન પણ હતા, તે પૂર્વેના ત્યાગધર્મી તથા તપસ્વી ઉપદેશકોને ઐતિહાસિક પ્રમાણોથી સિદ્ધ કરી શકાય છે.

ભગવાન મહાવીર તો પોતાની જીવનચર્યા તથા ઉપદેશદ્વારા જનતાને એક દૃષ્ટિ આપવા ઇચ્છતા હતા કે જેથી તે જગતની વાસ્તવિકતા અને તેના કોયડાઓને સમજી શકે અને સંયમ તથા પુરુષાર્થદ્વારા તેનો નિષ્કર્ષ કાઢી શકે. જીવના વાસ્તવિક સ્વરૂપનું તેની શક્તિ તથા સંભાવનાનું વિશદ વિવેચન કરીને તેમણે માનવ જીવનનું મહત્ત્વ સમજાવ્યું હતું અને તે સાથે માનવી ઉપર રહેલી નૈતિક જવાબદારીનો ખ્યાલ આપ્યો હતો. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય તથા અપરિગ્રહ એ કેવળ માનવ સમાજની વ્યવસ્થા માટે જ નથી, પરંતુ સકળ વિશ્વની જીવસૃષ્ટિનો પરસ્પર સંબંધ જાળવવાનાં સાધનો છે. આવી દૃષ્ટિ કે નૈતિક સાધના જગતની ભૌતિક વ્યવસ્થાની પાછળ હોઇ શકતી નથી. મહાવીરે પ્રતિપાદેલી દૃષ્ટિને અનુસારે મુક્તિ જ જીવનનું અંતિમ લક્ષ્ય છે અને તે કઠોર સાધનાથી ઉત્પન્ન થતા જ્ઞાનદ્વારા પ્રાપ્ત થઇ શકે છે. સર્વ જીવો એક સરખી રીતે કર્મને વશ એવા પ્રાણીઓ છે. એ કર્મ વિદારવા માટે જીવનસાધના આવશ્યક છે. જીવન-સાધનામાં સર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રત્યે સમભાવ હોવો એ પહેલી જરૂરિયાત છે. એમાંથી એક સમભાવની વાતને પકડી લઇને મહાવીરને સામ્યવાદી દૃષ્ટિવાળા કહેવા એ તો નરી ભૌતિક દૃષ્ટિ છે, અને મહાવીરની સંપૂર્ણ દૃષ્ટિની વિડંબના છે. મહાવીરને ક્રાંતિકારી કહેવા કરતાં પાંચમા આરાના માનવીને મૌલિક સનાતન દૃષ્ટિના દાતા તરીકે ઓળખવા એ વધારે ન્યાય્ય છે; પછી ભલે એ દૃષ્ટિના અનુસંગી ફળરૂપે સમાજને ભૌતિક લાભો થતા હોય અને સમાજમાંનાં ભૌતિક દૂષણો નાશ પણ પામતાં હોય. પ્રકાશનો હેતુ અંધકારનો નાશ કરવાનો છે: તેથી ઘુવડ અંધ બને અને કાગડાને દૃષ્ટિ લાભે તે તો તેનાં અનુસંગી ફળો લેખાય.

[ "જૈન" પર્યુષણાંક તા. ૨૮-૮-૫૧ પરથી ઉદ્ધૃત ]

# ધાર્મિક અને વ્યાવહારિક જ્ઞાન

કેળવણીના ક્ષેત્રમાં ધાર્મિક અર્થાત્ આધ્યાત્મિકજ્ઞાન અને વ્યાવહારિક અર્થાત બાહ્ય જગતના સ્વરૂપનું જ્ઞાન મનુષ્ય જીવનમાં પરસ્પર કેટલા ઉપકારી અને પૂરક છે તે મહર્ષિ શ્રી અરવિંદે બતાવેલ છે, તે વિચારવા અને અમલમાં મૂકવા જેવા હોવાથી નીચે આપવામાં આવે છે:—

"જગતમાં બે પ્રકારનું જ્ઞાન છે. એક પ્રકારનું જ્ઞાન જગતના બહારના દેખાતા સ્વરૂપને બાહ્ય રીતે, બુદ્ધિનો આશ્રય લઇને સમજવાનો પ્રયત્ન કરે છે. આ છે અપરાવિદ્યા, બાહ્ય જગતનું જ્ઞાન-બીજા પ્રકારનું જ્ઞાન જગતના સત્યને તેના મૂળમાંથી અને તેના વાસ્તવિક રૂપમાં અંદરની બાજુએથી આધ્યાત્મિક સાક્ષાત્કાર દ્વારા મેળવવા મથે છે. સામાન્ય રીતે તો આ બે પ્રકારના જ્ઞાન વચ્ચે એક કડક ભેદરેખા દોરવામાં આવે છે અને એમ માનવામાં આવે છે કે-આપણે જ્યારે ઊર્ધ્વ જ્ઞાનમાં, પ્રભુ વિષેના જ્ઞાનમાં પહોંચીએ છીએ ત્યારે પછી બાકીનું જ્ઞાન આ જગત વિષેનું જ્ઞાન કશા કામનું રહેતું નથી પરંતુ વાસ્તવિક રીતે તો આ બે પ્રકારનાં જ્ઞાન એ માનવે આદરેલી એક જ શોધનાં બે પાસાં છે. જગતમાંનું તમામ જ્ઞાન એ છેવટે જતાં તો પ્રભુનું જ્ઞાન જ હોય છે. અને તે જ્ઞાન પ્રભુ મારફતે, પ્રકૃતિ મારફતે, અને પ્રકૃતિનાં કાર્યો મારફતે આપણને આવી મળે છે. આ જ્ઞાન માનવજાતિએ પ્રથમ તો બાહ્ય જીવનને માર્ગે શોધવાનું છે કારણ કે જ્યાંસુધી માનવનું મન પૂરતું વિકાસ નથી પામ્યું હોતું ત્યાં સુધી આધ્યાત્મિક જ્ઞાન મેળવવું માણસ માટે શકય જ નથી હોતું, જે પ્રમાણમાં માણસના મનનો વિકાસ થાય છે તે પ્રમાણમાં આધ્યાત્મિક જ્ઞાનની શકયતાઓ વધતી જાય છે. એક વધુ સમૃદ્ધ અને વધુ સંપૂર્ણ જ્ઞાન મેળવવાની શક્તિ માનવમાં જાગે છે."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અને....વીરપ્રભુનો છેલ્લો ધર્મોદ્ધારક ઢંઢેરો

લેખકઃ—શ્રી મગનલાલ મોતીચંદ શાહ, "સાહિત્યપ્રેમી"

येऽन्येऽतीन्द्रियबोधवर्जिततया, नात्मादिभावान् विदु-
र्नैवैतेऽपरदुःखिताभिगमने, दक्षत्वमंशाद् दधुः ।
त्वं भगवन् ! विगतावृतिप्रभृतिना, युक्तौ गुणानां शुभ-
ध्यानोत्थेन गणेन सर्वममितं, वेत्सीति मां पालय ॥ आराधना ३५७

બંધ અને મોક્ષ આદિ અતીન્દ્રિય પદાર્થના બોધથી (જ્ઞાનથી) રહિત હોવાથી જે બીજા ધર્મગુરુઓ કે ઉપદેશકો આત્મા-આદિ પદાર્થને જાણતા નથી તેઓ બીજાના દુઃખને અંશથી પણ જાણનારા ન કહેવાય; પરંતુ હે પ્રભો! તમે તો શુભ ધ્યાનથી ઉત્પન્ન આવરણ રહિત એવા જ્ઞાન આદિ ગુણોના સમૂહે કરી યુક્ત હોઈ અપરિમિત સર્વ જાણો છો તો મારું રક્ષણ કરો—મને પાવન કરો.

આરાધ્ય પર્વના પ્રારંભમાં આરાધનાની શ્રુતિ યાદ કરી પ્રાર્થનાવિધિ પૂર્ણ કરી મૂળ વિષય તરફ વળીએ.

## દીપોત્સવી પર્વ એ શું છે?

દીપોત્સવી, દીપમાળા, દીપમાલિકા કે દિવાળી એ નામથી આ મહાપર્વ સંબોધાય છે. દીપોત્સવી, દીપમાલા કે દીપમાલિકા એ સંસ્કૃત શબ્દો છે. તેનો અર્થ એ થાય છે કે—દીવાનો ઉત્સવ કે દીવાઓની માળા કે હાર. દિવાળી શબ્દ એ ગુજરાતી ભાષામાં વપરાયેલો શબ્દ છે. તેનો અર્થ પણ એવો જ છે. દીવાવાળી રઢીયાળી પ્રકાશિત રાત્રિ તે દિવાળી.

દીપોત્સવ એટલે દીવાનો ઉત્સવ, દીવાઓની હારબંધ ગોઠવણી એ દિવાળી પર્વનું માહાત્મ્ય થયું. ઉપલક દૃષ્ટિએ તો આપણને એમ જ લાગે કે દીવાઓ પ્રગટાવવા અને હારબંધ મૂકવા તેમાં ઉત્સવ શો? અને દીવાઓનો ઉત્સવ શા માટે? દીવા તો એક પ્રકારના આરંભ-સમારંભવાળી સંસારી વસ્તુ છે, શું તે ઉપાસ્ય છે? જ્ઞાન ઉપાસ્ય છે જેથી જ્ઞાનોત્સવ થાય. જિનેશ્વરોના કલ્યાણકો ઉપાસ્ય છે તો તેના ઉત્સવો થઈ શકે. વ્યવહારમાં પણ લગ્નોત્સવ, જન્મોત્સવ વગેરે થાય છે અને સૌ તેનો આનંદ લે છે. શરદોત્સવ, વસંતોત્સવ આદિ ઉત્સવો કરી સાક્ષરો આનંદ માણે છે. શ્રાવણી ઉત્સવમાં, જન્માષ્ટમીમાં, રામજયંતિમાં તે તે પ્રસંગના ભાવો રજૂ કરવામાં આવે છે. હોલિકા પર્વમાં હોળીનાં ગીત ગવાતાં હોય, શરદની રાત્રિએ ચંદ્રની ચાંદની આપણી નજરે તરતી હોય, વસંતમાં ફળ ફૂલની સુગંધી સ્ફૂરી રહી હોય, જ્ઞાનપંચમીમાં જ્ઞાનનું માહાત્મ્ય ગવાતું હોય, પર્યુષણા મહાપર્વમાં આરાધ્ય વિધિ સંભળાતી હોય—આ બધું તે તે પ્રસંગનું ચિત્ર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, તેમ દીપોત્સવ પ્રસંગમાં દીવાના ગુણ ગવાતા નથી, આ ઉત્સવનું કારણ દીવા નથી, દીવા તો કાર્ય છે પણ કારણ તો કોઈક બીજું જ છે. એ જ્ઞાનના પ્રકાશનો ઉત્સવ છે, એ આત્મજ્યોતિનો ઉત્સવ છે, દીવાઓનો ઉત્સવ નહીં પણ દીવાઓ પ્રગટાવી તે વડે બતાવાતો ઉત્સવ તે જ દીપોત્સવી કે જ્ઞાનોત્સવી. દીપોત્સવી ષષ્ઠી તત્પુરુષસમાસ નથી પણ કર્મધારય સમાસ છે. એટલે એને દીવાના ઉત્સવમાં નહીં પણ જ્ઞાનરૂપ દીવાના અર્થમાં વાપરી શકાય એટલે જ્ઞાનોત્સવી પણ કહી શકાય. પરંતુ બહુકાળનો પ્રચલિત શબ્દ દીપોત્સવી વિશેષ વપરાય છે.

લૌકિક વ્યવહારમાં દીવાઓ પ્રગટાવીને જે આનંદ આમ જનતા લે છે અગર આગળ લેતી હતી તે આનંદ જૈનોનો નહોતો. જૈનોએ જે આનંદ કે વિયોગ ભોગવ્યો તે જૂદા જ પ્રકારનો હતો. પ્રભુ મહાવીરનું મોક્ષગમન એ આનંદનો વિષય નહોતો પરંતુ તે જ વખતનું ગૌતમસ્વામીનું કૈવલ્ય જ્ઞાન એ આનંદનો વિષય ખરો, અને તેને અંગે જ વિયોગનું દુઃખ દબાઇ ગયું અને દીપમાળાનો પ્રસંગ ઊભો થયો. વળી પ્રભુ મોક્ષે ગયા એ પણ બીજી દૃષ્ટિથી આનંદનો વિષય ગણાય. એમ સંયુક્ત આનંદથી રાજા મહારાજાઓએ અને આમ જનતાએ હર્ષની ઉજવણીમાં દીવાઓ પ્રગટાવ્યા. તે જ દીપોત્સવી પર્વ કહેવાયું.

આ પર્વ જ્ઞાનની અપેક્ષાએ કાળલબ્ધિથી અનંત પુરુષાર્થને યોગે પ્રાપ્ત થયેલા અંતિમ સાધ્યનું દર્શન છે, એ સાચા જ્ઞાનનો પ્રકાશ છે, એ આત્માના છેલ્લા સુખ અને આનંદના ભોગવટાનું પ્રતિબિંબ છે, દીપમાળા કે દીપના પ્રકાશનો આનંદ એ દ્રવ્ય ભાવ છે પરંતુ આજની જ્યોતિનું દર્શન તે આત્મજ્યોતિનું દર્શન છે. આ બંને પ્રસંગનું એકીકરણ તે દીપોત્સવી છે.

આજે પાવાપૂરી ધન્ય બને છે. પ્રભુના છેલ્લા ચાતુર્માસનું આ ધામ ઇંદ્ર પૂરી સરખું શોભી રહ્યું છે. ધર્મનો મહિમા ગવાઇ રહ્યો છે. પ્રભુના શિષ્યો અને શિષ્યાઓનો બહોળો સમુદાય આ મહાન્ ક્ષેત્રને પાવન કરી રહ્યો છે. શહેર અને તેનાં પરાંઓ માનવ સમુદાયથી ઉભરાઇ રહ્યાં છે. અનેક રાજા મહારાજાઓ પણ ધર્મનું આરાધન કરી રહ્યા છે. તીર્થંકર દેવના ચાતુર્માસનું વર્ણન કરવા બેસીએ તો તેનો પાર આવી શકે નહીં અને અહીં એ વર્ણન બહુ વિસ્તૃત ભાવે આપી પણ શકાય નહીં, પરંતુ એમ કહી શકીએ કે કરોડો જૈનો તે વખતે તીર્થંકર દેવની ધર્મ-ધ્વજા નીચે ઘણી જ આબાદી ભોગવતા હતા. તેમના સુખ અને વૈભવનો પાર નહોતો, તેઓ સાચા જૈન હતા. તેમની ક્રિયા શુષ્ક નહોતી. તેમનામાં શ્રદ્ધા અને સદ્દભાવ હતાં અને સંસાર તરવાની તીવ્ર તાલાવેલી લાગી રહેલી હતી. તેમનામાં ભક્તિભાવ ઉભરાઇ જતો હતો. આજનું જડવાદી, સ્વાર્થી, કપટી અને પાપથી ભરેલું નિર્લજ્જ હૃદય તે વખતે નહોતું, આજે ધર્મનું સ્વરૂપ ભૂલાતું જાય છે, પર્વોનો મહિમા ગયો છે. સૌ સૌના મનસ્વી આચરણે સૌ ચાલે છે, આગળ તેમ નહોતું.

આ સમયે ઊંચા પ્રકારનાં રાજ બંધારણો હતાં, રાજા પ્રજાનું ઐક્ય અનુપમ હતું. પ્રજામાં રાજા પ્રતિ ઉત્કૃષ્ટ ભક્તિભાવ હતો, પ્રજા રાજાને આજ્ઞાધીન હતી. ગ્રામ્ય બંધારણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તું, શહેરોનો સુંદર વહીવટ ચાલતો, જ્ઞાતિના બંધારણો હતાં, સંઘનું સંગઠ્ઠન હતું, શુભ વસરોએ સૌ સાથે મળતા. ધર્મના ઝગડા અને પંથની મારામારી નહોતી. ધર્મની વિશાળ ને સુદૃઢ ધજા નીચે સૌ શક્તિ મુજબ આરાધતા રહ્યા હતા. કલ્યાણકો ઉજવવા, પર્વોત્સવો રતા, સ્વામી વાત્સલ્ય કરતા, સંતસેવા થતી. જ્ઞાનીઓનું બહુમાન થતું. આ બધું ધર્મના મેક જ નેજા નીચે બનતું. આ રીતે પાવાપૂરી પણ કોઇ અપૂર્વ આનંદ ભોગવી રહી છે.

જ્ઞાનીઓ પોતાના જીવનકાળને જાણી રહ્યા છે, પ્રભુએ પોતાનો વ્યવહાર કાળ–જીવન-ાળ પૂર્ણ થયાનો અવસર જાણી બે દિવસનો સંથારો–અનશન આદરી દીધો છે, સૌનાં દય પ્રભુની છેલ્લી વાણી સાંભળવાને ઉત્સુક છે, અને પ્રભુ પણ પોતાના તીર્થંકરનામ-ર્મના યોગે સ્વાભાવિક રીતે જ કહેવા યોગ્ય અધ્યયનો કહી રહ્યા છે. આ શ્રુતવર્ષા બરાબર બે દિવસ સુધી સતત ચાલી રહી છે. આ બે દિવસ તે આશ્વિન વદિ ચતુર્દશી અને અમાવાસ્યા છે. સૂત્રકાર મહારાજ કલ્પસૂત્રની ૧૪૭ મી ગાથામાં જણાવે છે કે પ્રભુએ આ બે દિવસમાં નીચેની શ્રુતવર્ષા વર્ષાવી.

" पच्चूसकालसमयं सिसंपलि अंकनिसण्णे पणपन्नं अज्झयणाइं कल्लाण-फलविवागाइं पणपन्नं अज्झयणाइं पावफलविवागाइं छत्तीसं च अपुट्ठवाग-रणाइं वागरित्ता "

પંચાવન પુણ્ય વિપાકને જણાવનારાં અધ્યયનો, પંચાવન પાપ વિપાકને જણાવનારાં અધ્યયનો અને છત્રીસ નહીં પૂછાયેલા પ્રશ્નો એ પ્રભુની છેલ્લી દેશના કે ઢંઢેરો. આ ઉદ્ગારો જગતના હિતને માટે હતા. જગતને તારવાના મનોરથે સ્વભાવ ભાવથી જ આ વચનો કહેવાયાં છે, તેમાં તદ્દન સ્વાભાવિકતા છે. આત્માએ મેળવેલા જ્ઞાનનો પરિપાક છે અને અનુભવગમ્ય જીવનો બતાવેલો કલ્યાણનો પંથ છે.

આપણે અહીં એ વિચારીએ કે ઉપદેશ કોણ આપી શકે? ઉપદેશ આપવાનો હક કોને છે? તેનો જવાબ એ કે–જેઓ સંપૂર્ણપણાને પામ્યા છે, જેમનાં જ્ઞાનચક્ષુ ઉઘડી ગયાં છે, અંધકાર કે અવિદ્યાનો અહીં લેશ પણ અંશ રહ્યો નથી. જેણે કષાયોને સંપૂર્ણપણે જીત્યા છે એટલે દૃષ્ટિમાંથી રાગ અને દ્વેષ બંને ભાવો સંપૂર્ણપણે નાશ પામ્યા છે, જેણે પોતાના આત્માને મોક્ષમાર્ગમાં જોડયો છે, એ માર્ગ પામવાની સઘળી ભૂમિકાઓ તેઓ લગભગ સ્પર્શી ચૂક્યા છે. અને છેલ્લી હદે નિર્મળ આત્મ અધ્યવસાયમાં જોડાઇ ગયા છે તે જ સાચો બોધ કરી શકે, સાચા બોધનો અધિકાર સાચા અધ્યાત્મવાદીને જ છે, જૈન દૃષ્ટિ તો એમ જ કહે છે કે–ચાર જ્ઞાનવાળા પણ બોધના સંપૂર્ણ અધિકારી નથી. કૈવલ્ય જ્ઞાનની પ્રાપ્તિ સિવાય બોધના અધિકારી થઇ શકાતું નથી. અને એ જ કારણે પ્રભુ મહાવીરે કૈવલ્યની પ્રાપ્તિ પછી જ બોધ આપવો શરૂ કર્યો હતો. તીર્થંકર દેવો છદ્મસ્થ અવસ્થામાં ઉપદેશકનું કામ કરતા નથી. હજારો વર્ષનો આ કાળ તેઓ અનુપદેશક તરીકે જ ગાળે છે, કેમકે કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિ નથી. ત્યાં સુધી સરાગીપણું છે, એ સરાગી વીતરાગતાનો ઉપદેશ કેવી રીતે આપી શકે? અને આપે તો તે બીજાને નામે આપે, પરંતુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ વ્યવહાર જ નથી. કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિ સિવાય ઉપદેશ આપવાનો રિવાજ નથી. પરંતુ ઉતરતા કાળમાં તેમજ ચઢતા કાળમાં આ પદવીધરના વિયોગમાં તેમને નામે તેમનાં વચનામૃતો ગણધરો, આચાર્યો, ઉપાધ્યાયો, પૂર્વધારીઓ કે બીજા લબ્ધિવંત સંત મુનીશ્વરો જનતા પાસે રજૂ કરી ધર્મની આરાધના બતાવે છે, અને પોતે પણ કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિ સુધી આરાધનામાં જ પોતાનો કાલ નિર્ગમન કરે છે. ગૌતમસ્વામી આજ સુધી આવા આરાધક હતા.

હવે ધર્મને માટે લાયક કોણ ? એ વિચારીએ જે જીવાત્માઓ ગતભવ, આ ભવ અને આવતા ભવના વિચારો સદાય કરી રહ્યા છે તે ધર્મને માટે લાયક બને છે. જેઓ ક્ષણે ક્ષણે ભવિષ્યનો વિચાર કરી રહ્યા હોય છે તેઓ દીર્ઘકાલિકી સંજ્ઞાવાળા કહેવાય છે, તેઓ જિનેશ્વરના વચનને આજ્ઞારૂપ માને છે. જેઓ પરભવનો વિચાર કરતા નથી તેઓ ધર્મને પામી શકતા નથી. જેઓ એમ જાણે છે કે મારો આત્મા ઉત્પન્ન થવાવાળો છે, હું પૂર્વ પશ્ચિમ વગેરે દિશાઓ ફરીને આવ્યો છું અને અહીંથી ચોક્કસ જવાનો છું. આ વિચારણાવાળા જીવો જ સંજ્ઞી કહી શકાય અને તે જ ધર્મને પામે. જેઓ આવતા ભવને માનતા જ નથી, પુદ્‌ગલના સુખને જ સુખ માને છે, જેનું આખું જીવન માત્ર શરીરના પોષણ માટે જ છે, આવા જીવોને શાસ્ત્રકાર અજ્ઞાની કહે છે, તેઓ ધર્મને સાંભળવા ભાગ્યશાળી થતા નથી અને ધર્મને પણ પામી શકતા નથી. તેની સાથે એટલું પણ નક્કી છે કે અધિકારી સિવાય ધર્મ કહેવાતો પણ નથી. કહ્યું છે કે—

परलोकप्रधानेन, मध्यस्थेन तु धीमता ।
स्वशास्त्रज्ञाततत्त्वेन, धर्मवाद उदाहृतः ॥

પરલોકપ્રધાન મધ્યસ્થ બુદ્ધિવાળા અને સ્વશાસ્ત્રના તત્ત્વને જાણનાર એવા પુરુષથી જે કહેવામાં આવે તે જ ધર્મવાદ છે, અને ધર્મીને પણ તે જ ખરો ઉપયોગી છે, જીવને માટે આ યોગ જ દુર્લભ છે.

## હવે વચનનું સ્વરૂપ ટૂંકામાં જ વિચારીએ.

જ્ઞાનીના મુખમાંથી નીકળેલા શબ્દોને દેશના, વચન કે નિરૂપણ કહેવામાં આવે છે. શ્રી તીર્થંકર દેવ સમવસરણ વખતે જે કાંઇ બોલે છે તેને દેશના કહે છે અને તે સિવાયના વખતમાં ચર્ચા બોધ કે બીજું જે કાંઇ બોલે છે તે વચન કે નિરૂપણમાં ગણાય છે. શ્રી જિનેશ્વરો, ગણધરો કે આચાર્યો આજ્ઞારૂપે કાંઇ નિરૂપણ કરતા નથી પણ શુભ પરિણતિવાળા શ્રોતાઓ તેને આજ્ઞારૂપ માની તેનું આરાધન કરે છે. વાણીના અતિશયથી કહેવાતા પ્રભુના મુખના શબ્દો શ્રોતાઓ રસપૂર્વક ઝીલે છે અને પોતાને ભાગ્યશાળી માને છે. તેમજ તે અવસરને ધન્ય ગણે છે કેમ કે જિનેશ્વરના મુખની વાણીનું માહાત્મ્ય અપૂર્વ છે. જો કે આગમને આધારે ગણધરો, આચાર્યો, ઉપાધ્યાયો અને બીજા સંતમુનીશ્વરો ઉપદેશ આપે છે. શ્રોતાઓ તેનો ઘણો લાભ લે છે અને ઘણા જીવાત્માઓ ધર્મને પામે છે છતાં સાક્ષાત્ જિનેશ્વરના વાણીનું માહાત્મ્ય તો અપૂર્વ જ ગણાય છે. આ વાણી જગતના કલ્યાણને માટે જ છે. વિવેકી જીવો પોતાના ક્ષયોપશમ પ્રમાણે તેનો સાર ગ્રહણ કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બધા જીવોની ભવસ્થિતિ સરખી હોતી નથી. કોઇ કોઇ જીવો પ્રભુનાં વચનો સાંભળીને સમકિત પામે છે, કોઈ દીક્ષા ગ્રહણ કરે છે તો કોઇને અંતરાય તૂટવાથી કૈવલ્ય જ્ઞાનની પ્રાપ્તિ પણ થાય છે, જેને જિનવચનની પરિણતિ થઇ તેનો સંસાર ઘણો જ ઘટી જાય છે. એક પુદ્દગલ-પરાવર્તનથી તેને હવે વધારે વખત સંસારમાં રખડવાનું હોતું નથી. પ્રભુના વચનનો આ મહિમા છે, જેની ભવસ્થિતિ પાકી નથી એવા જીવોને આ મહિમા ઓછો સમજાય છે.

આજે આ બધો યોગ સ્વાભાવિક રીતે જ આવી મળ્યો છે. પ્રભુની વાણીનું નિરૂપણ ઉપર બતાવ્યા પ્રમાણે હવે પૂરું થાય છે. એ દિવસનો અનશનનો સમય પણ પૂર્ણ થવા આવ્યો છે. કોઇ કારણે ગૌતમસ્વામી બહાર ગયા છે. સૌ એક ચિત્તે પ્રભુ તરફ જોઇ રહ્યા એવામાં આ અંધારી રાત્રિના મધ્યભાગ પછી પ્રભુનું બોલવું બંધ થાય છે અને અચાનક કોઇ દિવ્ય પ્રકાશ ફેલાઇ રહે છે. પ્રભુ ચારે કર્મોનો ક્ષય કરી મોક્ષે પધારે છે. દેવ-દેવીઓનાં વિમાનો આવી રહ્યાં છે. આકાશ પ્રકાશિત બની રહ્યું છે. ગૌતમસ્વામી આવીને જુએ છે તો પ્રભુ નિર્વાણ પામ્યા. આ હકીકત જાણી ઘણો શોક કરે છે. ગુરુશિષ્યના તે ભાવોનું વર્ણન થઇ શકે નહીં. ગુરુનો અપૂર્વ પ્રેમ સંભારી સંભારી ગૌતમસ્વામી વધારે વધારે અસહાય બનતા જાય છે અને અશરણ ભાવના ભાવતાં ભાવતાં પોતાને પણ કૈવલ્ય જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ગુરુ પ્રતિના સરાગે કૈવલ્ય જ્ઞાન અટક્યું હતું તે સરાગ તૂટતાં પાંચમું જ્ઞાન પ્રગટ થાય છે. એટલે એક મહોત્સવમાં આ બીજો મહોત્સવ પણ ઉમેરાય છે. આમ બંને મહાપ્રસંગનું મળવું એ દીપોત્સવીનો પ્રસંગ ગણાયો. પ્રભુના નિર્વાણ વખતે જે લિચ્છવી રાજાઓ હાજર હતા તેમણે આ બે પ્રસંગની સ્મૃતિ માટે દીપમાળા પ્રગટાવી હર્ષ જાહેર કર્યો. આ જ દિવસથી દિવાળીનું પર્વ સનાયું. અને તે જ દિવસથી વીર સંવત્ શરૂ થયો. ધર્માચાર્યોના નામથી સંવત શરૂ થયાની પહેલ પ્રથમ જૈનોએ કરી હતી એમ ઇતિહાસ બતાવે છે. ત્યારપછી તો વિક્રમ સંવત્, શાલિવાહન શક. ઇ. સ. હીજરી સન વગેરે ઘણા સન અને સંવતો ચાલ્યા પણ મૂળ વીર સંવત્ એ સૌથી પુરાણો સંવત્ છે. અને તે મહાન્ નામની સાથે જોડાએલો છે. આ દીપોત્સવીનો ટૂંકો ઇતિહાસ થયો.

આજે આ મહિમા ઘેર ઘેર ગવાય છે. અને ખાવાપીવા, પહેરવા–ઓઢવાનો દિવસ ગણાય છે અને લૌકિક તહેવારની સાથે જોડાએલો હોવાથી આપણે પણ તેને લૌકિક તહેવાર જેવો જ ગણી કાઢ્યો છે; પરંતુ તેનું સાચું માહાત્મ્ય તપાસીએ તો કાંઇક ધાર્મિક વિધિ કરવાની પણ જરૂર રહે છે. ઘણા પુણ્યશાળી જીવો અઠ્ઠમ તથા છઠ્ઠની તપશ્ચર્યા કરે છે તેમજ કેટલાક અમાવાસ્યાનો પૌષધ પણ કરે છે. આ આરાધના ઘણી ઊંચા પ્રકારની છે. આ પ્રસંગને લગતું આરાધન શાસ્ત્રકારો બતાવે છે કે સાચા જૈનોએ ૨૦ નવકારવાળી એવી રીતે ફેરવવી કે પ્રારંભમાં અમાવાસ્યાની સાંજથી મધ્ય રાત્રિ સુધીમાં **श्रीमहावीर-स्वामीसर्वज्ञाय नमः** અને મધ્ય રાત્રિ પછી ચાર વાગ્યા સુધી **श्रीमहावीरस्वामीपारंगताय नमः** અને શુદ ૧ ને સવારે સૂર્યોદય પહેલાં **श्रीगौतमस्वामीसर्वज्ञाय नमः** એમ દરેક શબ્દની ૨૦ નવકારવાળી ફેરવવાથી સાચી આરાધના આરાધી કહેવાશે અને ભાવ દિવાળી ઉજવી કહેવાશે. સર્વ જૈન બંધુઓ આ દીપોત્સવી પર્વ આ ભાવથી ઉજવે એજ અભિલાષા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સત્ય, શાંતિ અને અહિંસાનો મંત્ર સૌથી પ્રથમ આપનાર.

# ભગવાન મહાવીર.

( લેખકઃ—લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી. )

જેમણે વિશ્વના કલ્યાણનો ઉત્તમ માર્ગ દર્શાવ્યો, સમસ્ત વિશ્વમાં શાંતિ સ્થપાય, સર્વત્ર સર્વ કોઇ પ્રાણી માત્ર સુખી થાય તેવો જેમણે સતત સદુપદેશ આપ્યો, અહિંસા પરમધર્મનો મર્મ સમજાવ્યો, વિશ્વ-મૈત્રીનું વિજ્ઞાન આપ્યું, અને સ્વયં આચરી બતાવ્યું તે ભગવાન્ મહાવીર આજથી અઢીહજાર વર્ષો પહેલાં આ ભારતભૂમિને પાવન કરી ગયા. ૨૪૭૭ વર્ષો પહેલાં એમની પવિત્ર ઉપદેશધારા ભારતવર્ષમાં ચાલુ હતી. સૂર્યનો ઉદય પૂર્વદિશામાં હોય છે તેમ તેમનો જન્મ આજથી ૨૫૪૯ વર્ષો પૂર્વે પૂર્વદેશમાં થયો હતો. ક્ષત્રિયકુંડ નગરમાં મહારાજા સિદ્ધાર્થને ત્યાં મહારાણી ત્રિશલા ક્ષત્રિયાણીની કુક્ષીથી ચૈત્ર શુકલ ત્રયોદશીના પવિત્ર દિવસે તેમનો પ્રાદુર્ભાવ થયો હતો. એ મહાપુરુષના જન્મની વિશિષ્ટ આગાહી તરીકે માતાને મંગલકારી ૧૪ સ્વપ્નો આવ્યાં હતાં. મહારાજાનાં કુલ, કુટુંબ અને રાજ-ભવન આદિમાં ઋદ્ધિસમૃદ્ધિ વગેરેની વૃદ્ધિ થઇ હોવાથી માત-પિતાએ તેમનું ગુણનિષ્પન્ન 'વર્ધમાન' એવું નામ પ્રકટ કર્યું હતું. તેમની અદ્ભૂત વીરતાએ તેમને '**મહાવીર**' નામથી પ્રખ્યાત કર્યા હતા. જગત્‌ને માતૃ-ભક્તિનો ઉત્તમ આદર્શપાઠ તેમણે પોતાના જીવનના પ્રારંભમાં શીખવાડ્યો હતો. ગર્ભાવસ્થામાં પોતાના હલન-ચલનથી માતાને કષ્ટ ન થાય એ હેતુથી તેઓ સ્થિર-નિશ્ચલ થઇને રહ્યા હતા; પરંતુ એથી માતાને ચિંતા-ઉદ્‌વેગ થતો જોઇ તેઓ સહજ ફરકયા હતા. માત-પિતાનો પોતાની પ્રત્યે એવો અસીમ પ્રેમ જોઇ એ જ્ઞાની મહાત્માએ એ અવસરે એક અભિગ્રહ( નિયમ ) લીધો હતો કે માત-પિતાની હયાતી સુધી હું શ્રમણ( સાધુ ) થઇશ નહી.

માત-પિતાના વચનને માન આપી મહાવીરે યશોદા નામની રાજકુમારી સાથે લગ્ન કર્યાં હતાં અને તેમને એક પુત્રીની પ્રાપ્તિ થઇ હતી.

મહાવીરની ૨૮ વર્ષની વય થતાં તેમના માત-પિતા સ્વર્ગવાસી થયાં હતાં. એ પછી તેમણે પ્રવ્રજ્યા માટે વડીલબંધુ નંદીવર્ધન પાસે અનુમતિ માગી હતી, પરંતુ 'માત-પિતાના તાત્કાલિક વિરહ-દુઃખમાં તેમનો વિયોગ પોતાને વધારે દુઃખકારક થશે' એમ જણાવી બંધુએ પોતાના આશ્વાસન માટે બે વર્ષ વધારે રોકાવા આગ્રહ કર્યો. બંધુના વચનને માન આપી મહાવીર બે વર્ષ ગૃહસ્થ અવસ્થામાં પણ શીલ-સંપન્ન સાધુ જેવું જીવન ગાળી રહ્યા, તેમાં છેલ્લા વર્ષમાં મહાવીરે સતત દાન-ધર્મ પ્રવર્તાવ્યો હતો. મહાવીરે ત્રીશ વર્ષની ભરજુવાનીમાં રાજ્યવૈભવ અને સાંસારિક મોહનો ત્યાગ કરી પ્રવ્રજ્યા-દીક્ષા સ્વીકારી-જીવન પર્યન્ત મન, વચન અને કાયાથી પાપકારી પ્રવૃત્તિ ન કરવાની પ્રતિજ્ઞા લીધી, સંયમના ઉચ્ચ માર્ગે પ્રયાણ કર્યું. રાગ, દ્વેષ, કામ, ક્રોધાદિ દુર્જેય આંતરિક શત્રુઓ પર વિજય મેળવવા આ મહાન્ વીરે અદ્‌ભુત વીરતા દર્શાવી હતી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવાન્ મહાવીરે લગભગ સાડા બાર વર્ષો સુધી ઉગ્ર તપશ્ચર્યા કરી હતી. છમાસી નિર્જલ ઉપવાસ જેવા અનેક તપ કર્યા હતા. એ વર્ષો દરમ્યાન તેમણે માત્ર ૩૪૯ જ પારણાં કર્યાં હતાં. એ વર્ષમાં જુદા જુદા પ્રદેશોમાં ઊભા રહીને મહાવીર ધ્યાનસ્થ રહેતા હતા. કેટલાય માનવ-પશુઓએ અને દેવ-દાનવોએ એમને કષ્ટ આપવામાં અને ધ્યાનથી ચલાયમાન કરવામાં કંઇ બાકી રાખ્યું ન હતું, પરંતુ મહાવીર તો અડગ જ રહ્યા હતા, એવા પ્રતિકૂળ ભયંકર ઉપસર્ગો કે પરીષહોથી લેશમાત્ર ચલાયમાન થયા ન હતા. ભૂખ-તરસ, ઠંડી, ગરમી કે વૃષ્ટિની પરવા કર્યા વિના પોતાની સાધ્ય સિદ્ધિ સાધવામાં તેઓ સદા સાવધાન સતત ઉદ્યમવાન્ હતા. અનુકૂળ પ્રલોભનોથી પણ તેઓ કદિ લલચાયા ન હતા. સર્વદા સમભાવમાં લીન રહેતા હતા. તેમની ઉત્કૃષ્ટ ક્ષમા, માર્દવ, આર્જવ, નિર્લોભિતા આદિનું વર્ણન કઇ રીતે કરી શકાય? એના પરિણામે મહાવીરને ૪૨ વર્ષની વયે પરિપૂર્ણ જ્ઞાન પ્રકટ થયું, જેને કેવલજ્ઞાન કહેવામાં આવે છે. એ પછી દેવોએ અને માનવોએ એનો મહિમા કર્યો હતો.

સર્વજ્ઞ મહાવીરે છેલ્લાં ત્રીસ વર્ષો સુધી ભિન્ન ભિન્ન દેશોમાં વિચરી ધર્મ-દેશના આપી. હજારો નહીં, લાખો આત્માઓને સન્માર્ગે વાળ્યા, તેમનો ઉદ્ધાર કર્યો. તીર્થની-ચતુર્વિધ ( સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા ) સંઘની સ્થાપના કરી હતી. પોતાને સર્વજ્ઞ મનાવતા ૧૧ વિદ્વાનોને સાચું તત્ત્વજ્ઞાન આપી પોતાના પટ્ટશિષ્યો-ગણધરો બનાવ્યા. એ સર્વનું વર્ણન આ ટૂંકા લેખમાં થઇ શકે નહીં.

ભગવાન્ મહાવીરે જે ભાષામાં ધર્મોપદેશ આપ્યો. તે ભાષાને અર્ધમાગધી અથવા પ્રાકૃત કહેવામાં આવે છે. એ લોકભાષા કિંવા રાષ્ટ્રભાષા ગણાતી હતી. એ ભાષા રાષ્ટ્રના વિશાલ સંખ્યાના લોકો સરલતાથી સમજતા હતા. એથી એ સર્વજ્ઞ પ્રભુએ એ ભાષાની પસંદગી કરી હતી અને તેમના ઉપદેશોને તેમના ગણધરોએ પણ સૂત્ર-સિદ્ધાંતરૂપે એ ભાષામાં ગૂંથી હતી. આપણી દેશી ભાષાઓ રાષ્ટ્રભાષા-હિંદી વગેરેનું ઘણું સામ્ય એમાં છે. કારણ કે એ પ્રાચીન ભાષા, ઉત્તરોત્તર લોકભાષાએ ઉતરી આવી છે. પરંતુ હજી આપણા દેશના થોડા વિદ્વાનોનું જ લક્ષ્ય એ તરફ ગયું છે.

એથી થોડી યુનિવર્સીટીઓએ એના અભ્યાસની યોજના કરી છે, પરંતુ કર્તવ્ય ઘણું બાકી છે. પરદેશી ભાષાઓના અભ્યાસની વિશિષ્ટ યોજના જેટલું પણ એ ભારતીય ભાષાને મહત્ત્વ નથી અપાયું અથવા એ તરફ લક્ષ્ય નથી અપાયું, એ સખેદ સૂચવવું પડે છે.

શ્રી મહાવીર ૭૨ વર્ષની વયે પાવાપુરીમાં હસ્તિપાલ રાજાની રજ્જુકશાલામાં ચાતુર્માસમાં આસો વદ ૦)) ની રાત્રીએ મોક્ષ પધાર્યા. સમસ્ત કર્મોથી મુક્ત થયા. જન્મજરામરણાદિ દુઃખોથી મુક્ત થયા. તેમના સ્મરણનાં પ્રતિવર્ષ પર્યૂષણાપર્વમાં પ્રત્યેક ઉપાશ્રયમાં કલ્પસૂત્રમાં વર્ણવેલું મહાવીર-જીવન ચરિત્ર વાંચવા સંભળાવવામાં આવે છે. ભાવ-દીપકના અભાવમાં લોકોએ દ્રવ્યદીપો પ્રકટાવી-દીપાવલી પ્રવર્તાવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વીકાર અને સમાલોચના

૧ **સ્વાધ્યાયરત્નાવલી:**—( સજ્ઝાયમાળા ) શ્રી ભરતેશ્વર-બાહુબલિની સજ્ઝાયમાં આવતા દરેક સંતપુરુષોની રોચક ભાષામાં સંક્ષિપ્ત કથાઓ છે અને તે જ કથાનક ઉપરથી નવીન બનાવેલ સજ્ઝાયનો સંગ્રહ છે. રચયિતા-પંન્યાસ શ્રી ધુરંધરવિજય મહારાજનો આ નૂતન પ્રયાસ પ્રશંસનીય છે. ક્રાઉન સોળ પેજી પૃ. ૨૦૦ અને પાકી સીલાઈ છતાં મૂલ્ય રૂા. ૧-૪-૦ અમારી સભામાંથી મળી શકશે.

૨ **શ્રી ભગવતીજીસૂત્રનાં વ્યાખ્યાનો:**—( પ્રથમ ભાગ )વ્યાખ્યાતા-પૂ. આ. શ્રી, વિજયલબ્ધિસૂરિજી મહારાજ: આચાર્ય મહારાજશ્રીએ પોતાની લાક્ષણિક શૈલીએ પ્રથમ જિનસ્તુતિ પર જ જે રોચક તેર વ્યાખ્યાનો આપ્યા હતા તેનો આ ગ્રંથમાં સંગ્રહ કરવામાં આવ્યો છે. સાથેસાથે પ્રસંગોપાત અઢાર કથાનકો આપી આ ગ્રંથને બોધક તેમજ રોચક બનાવવામાં આવ્યો છે. પ્રકાશક-શા. ચંદુલાલ જમનાદાસ-છાણી. આશરે ૫૭૫ પાનાના આ પુસ્તકની કિંમત માત્ર રૂા. ૩-૦-૦.

૩ **પ્રશમરતિ પ્રકરણ**—પૂજ્યશ્રી ઉમાસ્વાતીજીકૃત મૂળ અને આ. શ્રી હરિભદ્રસૂરિજીકૃત ટીકા યુક્ત તેમજ રાજકુમાર શાસ્ત્રીની હિંદી ટીકા યુક્ત. આ ગ્રંથ અતિપ્રાચીન છે. વૈરાગ્ય તેમજ અધ્યાત્મનું ૩૧૩ કારિકાઓદ્વારા આ ગ્રંથમાં સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. પ્રશમરતિ-ગ્રંથ આગમોના સારરૂપ છે. આ ગ્રંથ શ્રી રાજચંદ્ર જૈન શાસ્ત્રમાલાનો એકવીશમો મણકો છે. પાકું બાઈડીંગ, પૃષ્ઠ ૨૪૦, મૂલ્ય રૂપિયા છ. પ્રાપ્તિસ્થાન-પરમશ્રુત પ્રભાવકમંડળ, ઝવેરીબજાર, મુંબઇ નં. ૨

૪ **ન્યાયાવતાર**—આ. શ્રી સિદ્ધસેન દિવાકરકૃત મૂળ અને શ્રી સિદ્ધર્ષિગણિકૃત સંસ્કૃત ટીકાના વિજયમૂર્તિ શાસ્ત્રાચાર્યે કરેલ હિંદી અનુવાદ યુક્ત, ન્યાયને લગતા કઠિન ગ્રંથનો હિંદી ભાષામાં અનુવાદ આપેલ હોઈ વાંચવાયોગ્ય ગ્રંથ બન્યો છે. પાકું પુંઠું, પૃષ્ઠ ૧૪૪ મૂલ્ય રૂા. પાંચ. પ્રાપ્તિસ્થાન ઉપર પ્રમાણે.

૫ **શ્રમણ સંસ્કૃતિની રૂપરેખા**—આ પુસ્તકમાં જૈનધર્મ સંબંધી વિશદ વિચારણા કરવામાં આવી છે. જૈનધર્મમાં વર્ણવ્યવસ્થા, જૈનધર્મમાં સ્ત્રીનું સ્થાન, લગ્ન વિગેરે સામાજિક રિવાજો, શ્રમણસંસ્કૃતિમાં ઇશ્વરનું સ્થાન, અનેકાંતવાદ, વિગેરે સામાજિક તેમજ ધાર્મિક વિષયો પર સારું વિવેચન કરવામાં આવ્યું છે. પ્રકાશક-પ્રોફેસર સી. પી. જૈન-પતિયાળા. લેખક-પ્રોફેસર પુરૂષોત્તમચંદ જૈન શાસ્ત્રી, પતિયાળા. મૂલ્ય રૂા. પાંચ. પૃષ્ઠ ૨૨૫.

૬ **શ્રી જિનભક્તિ એ મુક્તિની દૂતી**—પ્રયોજક મુનિશ્રી લલિતમુનિ મહારાજ. પ્રકાશક નગીનદાસ તુલસીદાસ-જામનગર. આ પુસ્તિકામાં સ્તવનો, સ્નાત્રપૂજા અને અષ્ટપ્રકારી પૂજાની વિધિનો સમાવેશ કરવામાં આવ્યો છે. પૃષ્ઠ ૧૫૦ ખપી જીવોને ચાર આના પોસ્ટેજના મોકલવાથી, પ્રકાશક મારફત ભેટ મળી શકશે.

૭ **લેખસંગ્રહ ( ભાગ નવમો )**—સ્વ. સદ્ગુણાનુરાગી મુનિશ્રી કર્પૂરવિજયજી મહારાજના અપ્રકટ લેખોનો આ નવમો ભાગ હાલમાં જ બહાર પાડવામાં આવ્યો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વ. મુનિશ્રી કર્પૂરવિજયજી મહારાજના લેખો હમેશાં સરલભાષામાં અને બોધક તેમજ વૈરાગ્ય પોષક હોય છે. તેમની સરલ ભાષા બાલજીવો તેમજ સામાન્ય વાચક પણ સમજી શકે તેવી હોઇને દરેક ભાગની માફક આ ભાગનો પણ સારો આદર થયો છે. પૃષ્ઠ આશરે ૨૨૫, પાકું બાઇંડીંગ, મૂલ્ય રૂ. ૧–૮–૦ અમારી સભામાંથી મળી શકશે.

૮ **પચાશ ધર્મ સંવાદો**—ભગવાન બુદ્ધના મજ્ઝિમનિકાયમાંથી આ સંવાદોનો અનુવાદ અધ્યાપક ધર્માનંદ કૌશંબીએ રોચક અને સરલ ભાષામાં કર્યો છે. ગુજરાત વિદ્યાપીઠ-અમદાવાદ તરફથી બહાર પાડવામાં આવેલ આ ગ્રંથની કિંમત રૂા. ત્રણ, પાકું બાઇંડીંગ અને પૃષ્ઠ આશરે ત્રણસો.

૯ **માનવધર્મ**—લેખક ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની ( સાદરાવાળા ) પ્રકાશક શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા–ભાવનગર. ગોધા જૈન સંઘ સિરીઝના પ્રથમ મણકા તરીકે બહાર પાડવામાં આવેલ ૧૫૦ પાનાની આ પુસ્તિકામાં માર્ગાનુસારીના પાંત્રીશ બોલોનું સુંદર રીતે વિવેચન કરવામાં આવેલ છે. મૂલ્ય બાર આના.

૧૦ **જૈન સમાજના ઉત્કર્ષ અંગે માર્ગદર્શક વિચારણા**—ઉપરોક્ત સિરીઝનો આ બીજો મણકો છે. પ્રકાશક તથા લેખક ઉપર પ્રમાણે. એંશી પાનાના આ ટ્રેકટમાં વિવિધ દષ્ટિએ સમાજની ઉન્નતિ માટે વિચારણા કરવામાં આવી છે.

૧૧ **શ્રી શત્રુંજય મહાતીર્થ સ્તવનમાળા**—સંપાદક મુનિરાજશ્રી મહિમાવિજયજી મહારાજ. બત્રીશ પેજી સાઇઝના ૧૭૫ પાનાના આ પુસ્તકમાં શત્રુંજયના સ્તવનો, ખમાસમણના દુહા, ચૈત્યવંદનો, સ્તુતિયો વિગેરે ઉપયોગી વસ્તુઓનો સારો સંગ્રહ કરવામાં આવ્યો છે. પ્રકાશક જૈન સાહિત્ય પ્રચારિણી સભા.

૧૨ **માનવતાનું મૂલ**—લેખક તથા સંપાદક પં. શ્રી પ્રવીણવિજયજી ગણિવર. આ લઘુ પુસ્તિકામાં ઉપયોગી અઢાર વિષયોનો સંગ્રહ કરવામાં આવ્યો છે, જે જીવન સુધારણામાં ઉપયોગી છે. બે આના પોસ્ટેજના મોકલનારને ગાંધી મંગુલાલ નેમચંદ–બ્હર મારફત ભેટ મળી શકશે.

૧૩ **પર્યુષણ પર્વાધિરાજ ચૈત્યવંદનાદિ સંગ્રહ**—પ્રકાશક માણેકલાલ નાગરદાસ મહેતા–અમદાવાદ. મૂલ્ય રૂા. ૧–૦–૦, આ નાની બુકમાં પર્યુષણને લગતા ચૈત્યવંદનો, સ્તવનો, સજ્ઝાયો, સ્તુતિઓ, મહાવીરસ્વામીના મોટા સ્તવનો વિગેરેનો સુંદર સંગ્રહ કરવામાં આવ્યો છે

૧૪ **દેવદૂષ્ય**—( વીરધર્મની વાતો ભાગ ત્રીજો )–પ્રકાશક શ્રી ગુર્જરગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તા, અમદાવાદ. પ્રસિદ્ધ લેખક શ્રી જયભિખ્ખુની કસાયેલી કલમથી આળેખાયેલ આ ત્રીજો ભાગ છે. પહેલાં બંને ભાગ માફક આ ભાગમાં પણ વિવિધ કથાઓ રસભરી શૈલીથી ગૂંથવામાં આવેલ છે. ખાસ વાંચવાલાયક છે. મૂલ્ય રૂા. અઢી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી જૈન ધર્મ પ્રકાશ

[ સં. ૨૦૦૭ : : પુ. ૬૭ મું ]

કાર્તિકથી આસો સુધીની


## વાર્ષિક અનુક્રમણિકા

### ૧. પદ્ય વિભાગ


| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | શ્રી સંભવજિન સ્તવન | ( મુનિરાજશ્રી રુચકવિજયજી ) | ૧ |
| ૨ | આશીર્વાદાત્મક અભિનંદન | (શ્રી મગનલાલ મોતીચંદ શાહ 'સાહિત્યપ્રેમી') | ૨ |
| ૩ | માયા | ( શ્રી બાલચંદ હીરાચંદ " સાહિત્યચંદ્ર " ) | ૨૯ |
| ૪ | जैन दर्शन | ( રાજમલ ભંડારી ) | ૩૦ |
| ૫ | શ્રી અભિનંદન જિનસ્તવન | ( મુનિશ્રી રુચકવિજયજી ) | ૫૩ |
| ૬ | श्रद्धेय कुंवरजी को हृदय श्रद्धांजलि | ( રાજમલ ભંડારી ) | ૫૪ |
| ૭ | गुणीयों का गुणगान | ( શ્રી લક્ષ્મીચંદ્રજી ) | ૫૫ |
| ૮ | દર્શન | ( શ્રી બાલચંદ હીરાચંદ " સાહિત્યચંદ્ર " ) | ૫૬ |
| ૯ | સાધુ-ગુણ-સ્વાધ્યાય | ( શ્રી મોહનલાલ ગિરધર ) | ૫૭ |
| ૧૦ | શ્રી સુમતિ જિનસ્તવન | ( મુનિરાજશ્રી રુચકવિજયજી ) | ૮૧ |
| ૧૧ | ધન્ય અને સફળ જીવન | ( શ્રી વેલજીભાઇ ) | ૮૨ |
| ૧૨ | चतुर | ( શ્રી રાજમલ ભંડારી ) | ૮૨ |
| ૧૩ | વિશાલ દૃષ્ટિ | ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) | ૮૩ |
| ૧૪ | શ્રી સિદ્ધાચલતીર્થ સ્તવન | ( મુનિશ્રી રુચકવિજયજી ) | ૯૬ |
| ૧૫ | શ્રી મહાવીર પ્રભુ ગુણ સંકીર્તન | ( વિજયચંદ મોહનલાલ શાહ ) | ૧૦૫ |
| ૧૬ | શ્રી મહાવીરસ્વામીનું હાલરિયું | ( શ્રી બાલચંદ હીરાચંદ " સહિત્યચંદ્ર " ) | ૧૦૬ |
| ૧૭ | वीरप्रभु की वीरवृत्ति | ( રાજમલ ભંડારી ) | ૧૦૯ |
| ૧૮ | સાધવી | ( શ્રી પન્નાલાલ જ. મસાલીયા ) | ૧૧૦ |
| ૧૯ | શ્રી વિમલજિન સ્તવન | ( મુનિશ્રી ભાસ્કરવિજયજી ) | ૧૫૩ |




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૨૦ ડુંગરડાને મારગે ( શ્રી પન્નાલાલ જ. મસાલીયા ) ૧૫૪
૨૧ શ્રી સુપાર્શ્વજિન સ્તવન ( મુનિશ્રી રુચકવિજયજી ) ૧૭૭
૨૨ વાત્સલ્ય ભાવ ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) ૨૦૧
૨૩ મહાપર્વ પર્યુષણ ( મગનલાલ મોતીચંદ શાહ 'સાહિત્યપ્રેમી' ) ૨૦૨
૨૪ વંટોળ ( શ્રી પન્નાલાલ જ. મસાલીયા ) ૨૨૬
૨૫ શ્રી પદ્મપ્રભ જિન સ્તવન ( મુનિશ્રી રુચકવિજયજી ) ૨૨૭
૨૬ અમર આત્મ-જ્યોતિ ( મગનલાલ મોતીચંદ શાહ 'સાહિત્યપ્રેમી' ) ૨૨૮
૨૭ શ્રી અભિનંદન જિન સ્તવન ( આ. શ્રી વિજયપદ્મસૂરિજી ) ૨૨૮
૨૮ પ્રભુ સહકાર ( શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર' ) ૨૨૯
૨૯ આચાર્ય સ્તોત્ર ( ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ મહેતા ) ૨૫૧
૩૦ विश्ववंद्य महावीर ( રાજમલ ભંડારી ) ૨૫૨
૩૧ વીરજન્મ-વધામણી ( શ્રી બાલચંદ હીરાચંદ " સાહિત્યચંદ્ર " ) ૨૫૩


## ૨. ગદ્ય વિભાગ.


૧ વ્યતીત વર્ષ અને નૂતનવર્ષ ( શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી ) ૩
૨ જ્ઞાનપંચમીનું રહસ્ય અને જ્ઞાનનું માહાત્મ્ય ( મુનિશ્રી ન્યાયવિજયજી-ત્રિપુટી ) ૯
૩ આત્મવિકાસ ( શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર' ) ૧૪
૪ સાહિત્યવાડીનાં કુસુમો : માટીમાંથી માનવ ( ૩-૪ )
( શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) ૧૭, ૬૭
" " ક્ષપકશ્રેણીનો મુસાફર ૧-૨-૩ ( " ) ૮૭, ૧૭૧, ૨૩૩,
૫ કર્મ-મીમાંસાનું આયોજન ( શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા M. A. ) ૨૨
૬ વ્યવહાર કૌશલ્ય ૧ [ ૨૯૮ ] ( મૌક્તિક ) ૨૬
" ૨ [ ૨૯૯-૩૦૦ ] ( " ) ૭૮
" ૨ [ ૩૦૧-૩૦૨ ] ( " ) ૧૦૧
૭ વંશપરંપરાગતા અને કર્મનો નિયમ ( શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી ) ૩૧
૮ અક્ષરશ્રુત ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી ) ૩૩
૯ પ્રભુની અંગરચનાને અંગે ગેરસમજુતી ( શ્રી બાલચંદ હીરાચંદ' સાહિત્યચંદ્ર' ) ૩૫
૧૦ પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા ( ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા
M. B. B. S.) ૩૮, ૭૪, ૧૧૯, ૨૪૫
૧૧ પંચસંગહ પગરણનું પર્યાલોચન ૧-૨ (શ્રી હિરાલાલ રસિકદાસ કાપડિયા M. A.) ૪૧, ૭૧
૧૨ શું એ હાર ટોડલો ગળી ગયો ?
[ સતી દમયંતીનો જીવનપ્રસંગ ] ( શ્રી મગનલાલ મોતીચંદ શાહ 'સાહિત્યપ્રેમી' ) ૪૫


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૩ પ્રશ્નોત્તર (પ્રશ્નકાર–શ્રી ઉત્તમચંદ ભીખાચંદ–પુના કેમ્પ) (સ્વ. શ્રી કુંવરજીભાઈ) ૫૮
૧૪ વૈરાગ્યની ભૂમિકા (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૬૦
૧૫ સીતા વનવાસ–ગમન (શ્રીમગનલાલ મોતીચંદ 'સાહિત્યપ્રેમી') ૬૬, ૯૨
૧૬ ઘર કોનું ? (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૮૪
૧૭ કુમતિકુદ્દાલ, કુમતિકંદકુદ્દાલ, ઇત્યાદિ (શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા M.A.) ૯૭
૧૮ તાર્કિકજ્ઞાન અને આત્મિકજ્ઞાન (શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી) ૧૧૧
૧૯ શ્રી મહાવીરજીવન અને સંસ્કૃતિ પાલન ૧–૨
(મગનલાલ મોતીચંદ શાહ 'સાહિત્યપ્રેમી') ૧૧૪, ૧૬૩
૨૦ સદ્દગત શ્રી મોતીચંદભાઈ (શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી) ૧૩૦
૨૧ સ્મૃતિ–પટ (પંડિત સુખલાલજી) ૧૩૩
૨૨ પ્રસારક સભાના મોતીભાઈ (શ્રી પરમાણંદ કુંવરજી કાપડિયા) ૧૩૮
૨૩ જૈનોએ ગુમાવેલ અમૂલ્યરત્ન (શ્રી કકલભાઈ ભુદરદાસ વકીલ) ૧૪૩
૨૪ શ્રી મોતીચંદભાઈ અને વિવિધ ક્ષેત્રો (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) ૧૪૪
૨૫ શ્રી મોતીચંદભાઈને સ્મરણાંજલિ (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૧૪૬
૨૬ જૈન સમાજનું "મૌક્તિક" ગયું (શ્રી રાજપાળ મગનલાલ વહોરા) ૧૪૯
૨૭ **अस्तिनास्तिमीमांसा** (આ. શ્રી વિજયકસ્તુરસૂરિજી) ૧૫૫
૨૮ પ્રકાશ અને અંધકાર (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૧૫૯
૨૯ અનાસક્તિયોગ (કુ. મૃદુલા બહેન છોટાલાલ કોઠારી) ૧૬૭
૩૦ બંધ મોક્ષ પર એક દૃષ્ટિપાત (મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ) ૧૭૦
૩૧ સંસ્કૃતિ અને ધર્મ (શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી) ૧૭૮
૩૨ કોન્ફરંસનું અઢારમું અધિવેશન (પ્રમુખ–પ્રવચન) ૧૮૪
૩૩ સ્વાગતાધ્યક્ષ શ્રી પુરુષોત્તમદાસ સુરચંદ શાહનું પ્રવચન ૧૯૧
૩૪ અઢારમા અધિવેશનના આદેશો ૧૯૨
૩૫ સત્તરિયા અને તેનું વિવરણાત્મક સાહિત્ય ૧–૨
(શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા M. A.) ૧૯૫, ૨૨૮
૩૬ શ્રમણસંઘના નિર્ણયો અશાડ ટા. પે. ૩
૩૭ વિચારકણિકા (મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી) ૨૦૩, ૨૦૬, ૨૩૭, ૨૪૪, ૨૫૪
૩૮ આત્માનું જ્ઞાન પર્યુષણ પર્વની આરાધના (આ. શ્રી વિજયલબ્ધિસૂરિજી) ૨૦૭
૩૯ પ્રત્યાઘાત (પં. શ્રી ધુરન્ધરવિજયજી) ૨૧૦
૪૦ નયસારનો ભવ કે કર્મસંગ્રામ ભૂમિકા (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) ૨૧૩
૪૧ વૈયાવૃત્ય (શ્રી હીરાલાલ રસિકલાલ કાપડિયા M. A.) ૨૧૯
૪૨ પર્વાધિરાજ શા માટે કહેવાય છે ? (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૨૨૨
૪૩ ધર્મક્રિયા રસપ્રદ શી રીતે થાય ? ( ,, ) ૨૨૯
૪૪ પર્યુષણાના પ્રાણ (પંડિત સુખલાલજી) ૨૫૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૪૫ સનાતન દૃષ્ટિને ઢાંકતી ભૌતિક દૃષ્ટિ ( શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ ) ૨૫૯

૪૬ ધાર્મિક અને વ્યવહારિક જ્ઞાન ૨૬૧

૪૭ દીપોત્સવી મહાપર્વ ( શ્રી મગનલાલ મોતીચંદ શાહ ' સાહિત્યપ્રેમી ' ) ૨૬૨

૪૮ ભગવાન મહાવીર ( પં. શ્રી લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી ) ૨૬૭


## પ્રકીર્ણ.


૧ શેઠ ભોગીલાલ મગનલાલ વાણિજ્યમંદિર ( કોમર્સ હાઇસ્કૂલ )નું ખાતમુહૂર્ત ૨૭૦

૨ સ્વ. જોર્જ બર્નાર્ડ શો ૪૮

૩ સભાસમાચાર ૫૦,

૪ પ્રકીર્ણ ૫૦, ૧૦૩,

૫ ગ્રંથ-સ્વીકાર ૮૦, ૨૪૮, ૨૬૯

૬ શેઠ ભોગીલાલ મગનલાલ કોમર્સ હાઇસ્કૂલ ઉદ્ઘાટન સમારંભ ૧૦૪

૭ પંચોતેરમા વર્ષમાં પ્રવેશ ફાગણ ટા. પે. ૩

૮ યોગદૃષ્ટિસમુચ્ચય અવલોકન ૧૨૩

૯ સ્વર્ગસ્થ શ્રી મોતીચંદભાઇને નિવાપાંજલિ ૧૨૭

૧૦ સદ્ગત શ્રી મોતીચંદભાઇને નિવાપાંજલિઓ ૧૫૨

૧૧ પંન્યાસ પદ-પ્રદાન મહોત્સવ ૧૭૬


પેટા વિષય ગણતાં કુલ લેખ ૧૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


નવું પ્રકાશન તરતજ મગાવો

# પ્રભાવિક પુરુષો : : ભાગ ત્રીજો

**લેખક: શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી**

શ્રી મોહનલાલભાઇની કથા-સાહિત્ય અંગેની કલમથી "**શ્રી જૈન ધર્મ પ્રકાશ**"ના વાચકો અજ્ઞાત નથી. તેમની કસાયેલી કલમથી આજ પૂર્વે **પ્રભાવિક પુરુષો** ભાગ ૧-૨ પ્રકાશિત થઇ ગયેલ છે અને તેનો સુંદર ઉપાડ થયો છે તેવી જ રસિક કલમથી, સાદી ને સુરોચક ભાષામાં આ ત્રીજો ભાગ આલેખવામાં આવ્યો છે.

પૂર્વેના બંને ભાગ પછીની હકીકત આ પુસ્તકમાં વણી લેવામાં આવી છે; એટલે **પૂર્વધર ત્રિપુટીમાં** આચાર્ય સંભૂતિવિજય, **શ્રી ભદ્રબાહુ-સ્વામી** અને દશ પૂર્વના જ્ઞાતા, ચોરાશી ચોવીશી પર્યંત અમર નામધારી **મુનિશ્રી સ્થૂલિભદ્ર, સમ્રાટ્ ત્રિવેણીમાં** સમ્રાટ્ **ચંદ્રગુપ્ત, સંપ્રતિ** અને ખારવેલ અને **બંધવબેલડીમાં શ્રી આર્યમહાગિરિ** અને **શ્રી આર્યસુહસ્તિસૂરિનાં** રસ-ભરપૂર કથાનકો છે.

સુંદર ત્રિરંગી જેકેટ, પાકું બાઈંડીંગ, ક્રાઉન સોળ પેજી સાઇઝના પૃષ્ઠ આશરે સાડા ત્રણસો છતાં મૂલ્ય માત્ર રૂપિયા **સાડા ત્રણ.**

તમારી નકલ માટે આજે જ લખી નાખો:—

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.**

## શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા.

**[ નવી આવૃત્તિ-અર્થ સાથે. ]**

સભા તરફથી ઉપરોક્ત પૂજા બહાર પડેલ, તે ઘણા સમયથી શીલકમાં ન હોવાથી તેની આ સુધારેલી નવી આવૃત્તિ બહાર પાડવામાં આવી છે. પૂજાનો અર્થ સ્વ. શ્રી કુંવરજીભાઇનો લખેલ હોવાથી સમજવામાં ઘણી જ સરલતા રહે છે.

કિંમત પાંચ આના. પોસ્ટેજ અલગ. લખો.

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**

## શ્રી પર્વતિથિ સ્તવનાદિ સમુચ્ચય

દરેક પર્વ તિથિઓના, વીશ સ્થાનક, નવપદ, ચોવીશે તીર્થંકરો, પર્યુષણ તથા મહત્ત્વના ચૈત્યવંદન, સ્તવન તથા સજ્ઝાય વિગેરેનો અનુપમ સંગ્રહ. પાકું કપડાનું બાઇંડીંગ અને પાંચશેં લગભગ પૃષ્ઠ હોવા છતાં મૂલ્ય માત્ર રૂપિયા ત્રણ, પોસ્ટેજ અલગ.

લખો:—**શ્રી જૈનધર્મ પ્રસારક સભા—ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સ્વાધ્યાય રત્નાવલિ

શ્રી ભરહેસરની સજ્ઝાયમાં આવતાં મહાન્ પુરુષોના જીવનને સંક્ષિપ્ત રીતે છતાં રોચક ભાષામાં વણી લેતી અને સાથોસાથ તે દરેક મહાપુરુષના જીવનને વર્ણવતી **સજ્ઝાય** યુક્ત આ ગ્રંથ અનોખી જ ભાત પાડે છે. અભ્યાસ તેમજ સામાયિકમાં વાંચન બંને માટે આ ગ્રંથ ઉપયોગી છે. છતાં મૂલ્ય માત્ર રૂા. ૧-૪-૦ પોસ્ટેજ અલગ. લખો—

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**

## દેવવંદનમાળા (વિધિ સહિત)

આ પુસ્તકમાં દીવાળી, જ્ઞાનપંચમી, મૌન એકાદશી, ચૈત્રી પુનમ, ચોમાસી, અગિયાર ગણધરો વિગેરેના જુદાં જુદાં કર્તાના દેવવંદનો આપવામાં આવ્યા છે. સ્તુતિઓ, ચૈત્યવંદનો, સ્તવનો વિધિ સહિત આપવામાં આવેલ હોવાથી આ પુસ્તક અત્યંત ઉપયોગી થઇ પડેલ છે. પાકું બાઇંડીંગ અને અઢીસો લગભગ પૃષ્ઠ હોવા છતાં મૂલ્ય રૂા. ૨-૪-૦

લખો—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**

## નિત્ય સ્વાધ્યાય સ્તોત્ર સંગ્રહ.

આશરે પાંચસો પાનાના આ ગ્રંથમાં નવસ્મરણ, જીવવિચાર, નવતત્ત્વ, દંડક લઘુ સંગ્રહણી, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, બૃહત્સંગ્રહણી, લઘુ ક્ષેત્રસમાસ, કુલકો, તત્ત્વાર્થાધિગમ-સૂત્ર, દશવૈકાલિક સૂત્ર, સાધુ-સાધ્વી આવશ્યક ક્રિયાનાં સૂત્રો, અતિચાર વિગેરે અનેક ઉપયોગી વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ ગ્રંથ વસાવવા જેવો છે. મૂલ્ય રૂા. ત્રણ, પોસ્ટેજ જુદું. લખો—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.**

---

### ખેદકારક સ્વર્ગવાસ.

શ્રી મુંબઇ ગોડીજી જૈન દેરાસરના ટ્રસ્ટી, જૈન શ્વે. કોન્ફરંસના અગ્રગણ્ય કાર્યકર અને જાણીતા કેળવણી તેમજ સાહિત્યપ્રેમી શ્રી બબલચંદ કેશવલાલ મોદી પંચાવન વર્ષની વયે સાંતાક્રુઝખાતે તેમના નિવાસસ્થાને ભાદરવા વદિ બીજના રોજ સ્વર્ગવાસી થયા છે.

સ્વર્ગસ્થ સ્વભાવે મિલનસાર તેમજ નિરભિમાની હતા, ઉદ્યોગપતિ અને સાઇકલના વેપારમાં અગ્રગણ્ય હોવા છતાં, તેમનો વિનયી સ્વભાવ સૌ કોઇને આકર્ષી લેતો અને તેથી તેઓ જૂની અને નવી વિચારસરણી વચ્ચે પૂલ સમાન હતા.

અમારી સભાના તેઓશ્રી લાંબા સમયથી પેટ્રન હતા અને સભાના ઉત્કર્ષ અંગે તેઓની સલાહ-સૂચના મળ્યા કરતી. અમો સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છી તેમના વિધવા ધર્મપત્ની કાન્તાબ્હેન તથા આપ્તજનો પર આવી પડેલ દુઃખ પ્રત્યે દિલસોજી દર્શાવીએ છીએ.

For Private And Personal Use Only